SHREE SWAMINARAYAN

શ્રી સ્વામિનારાયણ

Mar.'2004





વિજયસ્તંભ સ્થાપના
તથા
રંગોત્સવ
તા.૭/૦૪/૨૦૦૪

પ્રકાશકઃ- શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧ Publiser:-Shree Swaminarayan Temple, Ahmedabad-1





સંપ્રદાયના બન્ને દેશના આશ્રિતો પોતાના ઈષ્ટદેવ શ્રીહરિ પાસે વરસોથી આવા અલૌકિક સુખની અપેક્ષા રાખતા હતા. તસ્વીરમાં પ. પૂ. ધ. ધુ આચાર્ય મહારાજશ્રી સાથે વડતાલના પ. પૂ. આચાર્ય મહારાજશ્રી, આપણા ભાવિ આચાર્ય પ. પૂ. લાલજી મહારાજશ્રી, વડતાલના લાલજી મહારાજ, અમદાવાદ મંદિરના મહંત સ્વામી અને પાટોત્સવના યજમાન પ. ભ. રમેશકુમાર રણછોડલાલ મારફતિયા.



સર્વોપરિ શ્રી નરનારાયણદેવના ૧૮૨ માં પાટોત્સવ પ્રસંગે બન્ને દેશના હરિભક્તોને દુર્લભ ઐતિહાસિક દર્શનનો યોગ શ્રી નરનારાયણદેવના પ્રતાપે કરીને સાંપડ્યો. ઉત્તર - દક્ષિણ દેશના પીઠાધિશ્વરો અને ગુજરાતના રાજ્યપાલ શ્રી કૈલાશ પતિ મિશ્ર પાટોત્સવ પ્રસંગે આરતી ઉતારતા.



વિદેશ વસતા હરિભક્તોને શ્રી હરિના ધર્મકુળનું ભલે નિત્ય દર્શનનું સુખ નથી મળતુ, પરંતુ લાંબા સમય બાદ જ્યારે સુખ મળે ત્યારે દુર્લભમાં દુર્લભ આવું અલૌકિક શ્રીહરિના અપર સ્વરૂપને હિંડોળે ઝુલાવીને નાઈરોબીના હરિભક્તોએ સુખ મેળવ્યું. સાથે યાત્રામાં જોડાયેલા સંતો.

ઈશ્વરપુરા પારાયણ પ્રસંગે યજમાનશ્રી ગલબાભા ચૌધરી પ. પૂ. મહારાજશ્રી ના આશીર્વાદ મેળવતા. સાથે શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણ દાસજી અને સ્વામી દેવ પ્રકાશદાસજી.



સંસ્થાપક
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

ફોન
૨૧૩૩૮૩૫ (મંદિર)
૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ
૦૭૯ ૭૪૫૨૧૪૫

તંત્રી શ્રી
સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
(મહંત સ્વામી)

લવાજમ
વંશ પરંપરાગત
દેશમાં રૂ. ૩૦૧-૦૦
વિદેશમાં રૂ. ૨૦૦૧-૦૦

પ્રકાશન સમય
દર માસની ૧૧મી તારીખે
ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં

પત્રવ્યવહાર અને લવાજમ
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.

SHREE SWAMINARAYAN જય શ્રી સ્વામિનારાયણ

વર્ષ - ૩૭ માર્ચ- ૨૦૦૪

અ નુ ક્ર મ ણિ કા

૧.	અસ્મદીયમ્	૨
૨.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૩
૩.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ઈસ્ટ આફ્રિકાનો સત્સંગ પ્રવાસ	૫
૪.	વિજય સ્તંભ સ્થાપના અને રંગોત્સવ	૭
૫.	હાલારના યોગેશ્વર સ્નેહમૂર્તિ સચ્ચિદાનંદ સ્વામી	૯
૬.	પંચ વર્તમાન	૧૩
૭.	પ.પૂ.લાલજી મહારાજશ્રીની અમૃતવાણી	૧૪
૮.	ભજન	૧૬
૯.	દીર્ઘાયુષી બનો	૧૯
૧૦.	પ.પૂ.આચાર્ય મહારાજશ્રીના પાટોત્સવની પૂર્વ સંધ્યાએ	૨૦
૧૧.	સત્સંગ બાલવાટિકા	૨૨
૧૨.	સત્સંગ સમાચાર	૨૫

પ્રકાશક
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૧.
ફોન : ૨૧૩૨૧૭૦, ૨૧૩૬૮૧૮, ફેક્સ : ૨૧૭૬૯૬૨.
Visit us : www.swaminarayan.info
E-mail : snndmandir@india.com

અસ્મદીયમ્

તંત્રીશ્રીની કલમે....

વિશ્વના મહાન કવિકુલ ગુરુ શ્રી કાલીદાસે પોતાની શ્રેષ્ઠ કૃતિઓમાં કહ્યું છે કે, "उत्सवप्रिया: हि मानवा:" મનુષ્ય માત્રને ઉત્સવો અતિ પ્રિય હોય છે. તેથીજ સર્વત્ર મોટા મોટા ઉત્સવોનું સુંદર વર્ણન આવે છે. તેનાથીય આગળ વધીને ભગવાન શ્રી સ્વામિનારાયણે તો ઉત્સવોને મનુષ્ય માત્રને મોક્ષ મેળવવવાનું શ્રેષ્ઠ સાધન કહ્યું, મોટા મોટા ઉત્સવોમાં હજારોને લાખો માનવ મહેરામણ ઉભરાય, તેમાં કોઈપણ જીવ આવે અને તેને અંત સમયે માનવ ભીડની સાથે સાથે તેમાં થતો સત્સંગ અને ભક્તો તથા ભક્તોના આરાધ્ય ભગવાન જો યાદ આવી જાય તો તે જીવને આત્યંતિક મોક્ષની પ્રાપ્તિ થાય છે. આ ધર્મભક્તિને પોષક જ્ઞાન વૈરાગ્યને બળશક્તિ આપનારા અને શિલ ચારિત્ર્યનું રક્ષણ કરવાના હેતુથી થતાં ઉત્સવમાં જે કોઈ આવે તેનું અવશ્ય કલ્યાણ જ થાય, આવા કલ્યાણકારી ઉત્સવોની પરંપરામાં મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયમાં એક અનોખી પરિપાટી ચાલી આવે છે. તેનું જ અનુસરણ કરતાં ષષ્ઠિ પૂર્તિ મહોત્સવ પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની સાંઈઠમી જન્મ જયંતી ઉજવવાની પૂર્વ સંધ્યાએ શ્રીજી મહારાજના દિવ્ય સિદ્ધાંતોને સાકાર કરવા અમદાવાદનાં આંગણે અદ્‌ભૂત માનવ મહેરામણ ઉમટી પડશે. તેમાં આપણે પણ કયાંક સામેલ રહીને જગશ્રિયતા જગદિશ્વર ભગવાન શ્રી સ્વામિનારાયણને પ્રત્યક્ષપણે નિહાળવાનો અવસર ન ચૂકી જવાય જેની સાવધાની પૂર્વક તૈયારી રાખીએ એજ આપણા મનુષ્ય જન્મની સાર્થકતા છે.

તંત્રી શ્રી (મહંત સ્વામી)
- શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
ના જયશ્રી સ્વામિનારાયણ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (ફેબ્રુઆરી-૨૦૦૪)

૬. કેન્યા (આફ્રિકા)નો ધર્મ પ્રવાસ પૂર્ણ કરી અમદાવાદ પધાર્યા.

૮. શ્રી સ્વામિનારાયણ મંદિર મોટેરા શાકોત્સવ પ્રસંગે પધરામણી.
પ.ભ. યોગેશ પ્રભુદાસ સોનીને ત્યાં પધરામણી, નવરંગપુરા.
પ.ભ. સુરેશભાઈ સોનીને ત્યાં પધરામણી, પાલડી.
શ્રી સ્વામિનારાયણ મંદિર, નારાણપુરા શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૯. શ્રી સ્વામિનારાયણ મંદિર લીંબડી પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૦. પ.ભ. માધવલાલ મગનદાસ પટેલને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી, રાણીપ.

૧૧. શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ પાટોત્સવ પ્રસંગે પધરામણી.
એસ.વી. ઝવેરી જ્વેલર્સના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી, વસ્ત્રાપુર.

૧૨. શ્રી સ્વામિનારાયણ મંદિર ભેચડા (મૂળીદેશ) (તા. ધ્રાંગધ્રા) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૪. શ્રી સ્વામિનારાયણ મંદિર, નાનાઅંકેવાળીયા (મૂળીદેશ) સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૧૫. પ.ભ. સતીષભાઈ શેઠને ત્યાં ભાગવત પારાયણ પ્રસંગે પધરામણી, ઈશનપુર.
ગોલ્ડ માઈન સ્ટોકસ પ્રા.લી.માં પધરામણી, મણીનગર.
પ.ભ. વિષ્ણુભાઈ કેશવલાલ પટેલને ત્યાં પધરામણી (લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા ગાંધીનગર).

૧૬. પ.ભ. રાજુભાઈ પરસોતમભાઈ ગજેરાને ત્યાં પધરામણી, બાપુનગર.

૧૭. શ્રી સ્વામિનારાયણ મંદિર નટવરગઢ (મૂળીદેશ, તા. લીંબડી) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૯. ખેરવા (પંચમહાલ) પ.ભ. વિનયચંદ્ર ભગવાનદાસ પટેલને ત્યાં પારાયણ પ્રસંગે પધરામણી.

૨૧-૨૨. ચરાડવા (મૂળીદેશ) શ્રી સ્વામિનારાયણ મંદિર સુવર્ણકળશ મહોત્સવ અને પાટોત્સવ અભિષેક પોતાના વરદ્‌ હસ્તે ધામધુમથી સંપન્ન થયો.

૨૩. સર્વોપરિશ્રી નરનારાયણદેવનો ૧૮૨મો પાટોત્સવ અભિષેક પોતાના વરદ્‌ હસ્તે ધામધુમથી સંપન્ન થયો.
પ.ભ. સોમાભાઈ ત્રિભોવનદાસ પટેલ (મોખાસણવાળા)ને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી, કલોલ હાઈવે.

૨૪. પ.ભ. રમણલાલ કચરદાસ પટેલ (યુ.એસ.એ.વાળા) સત્કાર સમારંભમાં આશીર્વાદ આપવા પધાર્યા, રાણીપ.

૨૫. શ્રી સ્વામિનારાયણ મંદિર - સાપાવાડા (તા. ઈડર) પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૬. બદપુરા (માણસા) શ્રી સ્વામિનારાયણ મંદિરના રજત જયંતી મહોત્સવ પ્રસંગે પધરામણી.

૨૭. ખાણ (રાજસ્થાન) મંદિરના પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૮. શ્રી સ્વામિનારાયણ મંદિર ભાણપુર (વિજાપુર) પારાયણ પ્રસંગે પધરામણી.

૨૯. શ્રી સહજાનંદ ગુરુકુલ અસારવામાં પધરામણી. શ્રી સહજાનંદ સંસ્કારધામ વિસનગર પધરામણી.

ષષ્ઠિ પૂર્તિ મહોત્સવમાં સંત મહાદીક્ષા વિધિ અંગે

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપક્રમે ઉત્તર દેશના મુમુક્ષુ પાર્ષદો ને સંત મહાદીક્ષા તા. ૭-૪-૨૦૦૪ના શુભ દિને વેદ વિધિસર શાસ્ત્રોક્ત વિધિથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્‌ હસ્તે અપાશે. જેથી દીક્ષાર્થી પાર્ષદોનું નામ યાદી તથા જરૂરી કાગળો ષષ્ઠિ પૂર્તિ મહોત્સવ સમિતિને વહેલી તકે મોકલી આપવા.

શ્રી સ્વામિનારાયણ અંકના સભ્યો જોગ

- મહંત સ્વામી

શ્રી સ્વામિનારાયણ અંકના સમસ્ત સભ્યો-વાચકોને જણાવવાનું જે, એપ્રિલ માસમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી નો ષષ્ઠિ પૂર્તિ મહોત્સવ અતિ ધામધુમથી ઉજવવામાં આવશે. આ ઉત્સવના દિવ્ય દર્શનની તસ્વીરો અને દરેક પ્રસંગનું સુંદર આબેહુબ આલેખન સાથેનો "ષષ્ઠિ પૂર્તિ મહોત્સવ વિશેષાંક" માં - ૨૦૦૪માં પ્રકાશીત થશે. જેથી એપ્રિલ માસનો અંક પ્રકાશીત થશે નહીં. જેની અંકના સૌ સભ્યોએ નોંધ લેવી.



ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ
(ફેબ્રુઆરી-૨૦૦૪)

૧. શ્રી સ્વામિનારાયણ મંદિર પાટડી (મૂળીદેશ) પાટોત્સવ પ્રસંગે પધરામણી.
શ્રી નરનારાયણદેવ યુવક મંડળ નગરયાત્રા પ્રસંગે પધરામણી, બાલાસિનોર
૨. ઈશ્વરપુરા ગામે સવાર અને સાંજે પધરામણીઓ અને સત્સંગ સભા પ્રસંગે.
૩. બીલીયા શ્રી સ્વામિનારાયણ મંદિર શાકોત્સવ પ્રસંગે પધરામણી.
૪. મોખાસણ શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મંદિર કલોલ (શ્રીનગર) પાટોત્સવ પ્રંસગે પધરામણી.
૫. પ.ભ. નવનીતભાઈ જેઠાભાઈ ઠક્કરને ત્યાં પધરામણી, મણીનગર.
૬. પ.ભ. પ્રવિણભાઈ પ્રહલાદભાઈની દુકાનના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી, ઘાટલોડીયા.
૮. મોરબી સત્સંગ સભા પ્રસંગે પધરામણી.
૯. રામનગર (કલોલ) ગામે સત્સંગ સભા પ્રસંગે પધરામણી.
૧૦. લુણાવાડા (પંચમહાલ) શ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૧. શ્રી સ્વામિનારાયણ મંદિર - ઈટાદરા (માણસા) પધરામણી.
૧૨. શ્રી સ્વામિનારાયણ મંદિર ધોળકા સત્સંગ સભા પ્રસંગે પધરામણી.
૧૩-૧૪. શેખપાટ-જાઈવા-ગઢડીયા આદિ (હાલાર મૂળીદેશ) ગામોમાં વિચરણ.
૧૫. શ્રી નરનારાયણદેવ યુવકમંડળ આયોજીત નગરયાત્રા પ્રસંગે પધરામણી, હિંમતનગર.
૧૬. ચરાડવા મંદિરમાં સુવર્ણ કળશ મહોત્સવ પ્રસંગે પારાયણ પ્રારંભ પૂજન વિધિ પ્રસંગે પધરામણી.
૨૦. પ.ભ. રઘુભાઈ પ્રેમચંદભાઈ ઠક્કરને ત્યાં પધરામણી, ઘાટલોડીયા.
૨૧. પ.ભ. વિકેનભાઈ કે. પટેલને ત્યાં પધરામણી, સેટેલાઈટ.
૨૨. અમદાવાદ મંદિરમાં હોમાત્મક મહાપૂજા વિધિમાં પધાર્યા.
ઉંઝા ગામે શ્રી નરનારાયણદેવ યુવક મંડળ નગરયાત્રા પ્રસંગે પધરામણી.
૨૩. સર્વોપરિ શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ-અભિષેક પોતાના વરદ્‌ હસ્તે કર્યો.
૨૪. પ.ભ. સોમાભાઈ ત્રિભોવનદાસ પટેલ (મોખાસણવાળા) અને પ.ભ. ડૉ. કૌશિકકુમાર કાંતિલાલને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી, કલોલ.
૨૫. કાંકરિયા મંદિર બાલસ્વરૂપ કષ્ટભંજન દેવના પાટોત્સવ પ્રસંગે પધરામણી.
રાણીપ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૬. શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક શાળા ચિલોડામાં ઈનામ વિતરણ પ્રસંગે પધરામણી.
૨૭. શ્રી સ્વામિનારાયણ મંદિર બદપુરા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૮. શ્રી સ્વામિનારાયણ મંદિર ગુલાબપુરા (માણસા) સત્સંગ સભા પ્રસંગે પધરામણી.
૨૯. શ્રી સ્વામિનારાયણ મંદિર ડાંગરવા (પાટીદાર) મહાપૂજાની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.

ષષ્ઠિપૂર્તિ મહોત્સવમાં વિપ્રબટુકોને યજ્ઞોપવિત અંગે

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના અંગભૂત વિપ્રબટુકોને યજ્ઞોપવિતનો ભવ્ય દિવ્ય કાર્યક્રમ તા. ૬-૪-૨૦૦૪ના રોજ સવારે ૭-૩૦ કલાકે વેદ વિધિસર રીતે સંપન્ન થશે.

બ્રાહ્મણ બટુકોએ ફક્ત મુંડન (ફરજીયાત) કરીને યજ્ઞોપવિતમાં બેસવાનું રહેશે. ધોતી, ખેસ, કંઠી યજ્ઞોપવિતમાં જે જરૂરી તમામ વસ્તુઓ મંદિર તરફથી આપવામાં આવશે.

આ અંગેના ફોર્મ ષષ્ઠિ પૂર્તિ મહોત્સવ કાર્યાલય, સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદને વહેલાસર મોકલી આપવા.

- મહંત સ્વામી

પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની ઇસ્ટ આફ્રિકાની ધર્મયાત્રા

- શાસ્ત્રી હરિપ્રિયદાસજી (ગાંધીનગર)

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની સર્વજીવ હિતાવહ ભાવનાને સાકાર કરનાર આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, સંત-પાર્ષદ મંડળ અને હરિભક્તો સાથે તા. ૧૯-૧-૨૦૦૪ થી તા. ૬-૨-૨૦૦૪ સુધી કેન્યા અને યુગાન્ડાના ધર્મ પ્રવાસે પધાર્યા હતા. તેઓશ્રીની સાથે ગાંધીનગરથી શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી, સ.ગુ. સ્વામી કૃષ્ણવલ્લભદાસજી, (મૂળી) શાસ્ત્રી હરિપ્રિયદાસજી તથા શાસ્ત્રી શ્રીજી પ્રકાશદાસજી જોડાયા હતા.

મુખ્ય કાર્યક્રમો

૧. મોમ્બાસા શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૪૫ મો વાર્ષિક પાટોત્સવ અને બહેનોના મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ.

૨. નાઇરોબીમાં પ.ભ.લક્ષ્મણ ભીમજી કન્સ્ટ્રક્શન કંપનીને ૫૦ વર્ષ પૂર્ણ થયા તે નિમિત્તે સુવર્ણ જયંતી મહોત્સવ અને પારાયણ.

૩. કંપાલા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પધરામણી.

તા.૨૦-૧-૨૦૦૪ ના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી મોમ્બાસા પધાર્યા. હરિભક્તોએ ખૂબ ઉત્સાહથી ભવ્ય શોભાયાત્રાનું આયોજન કર્યુ હતુ. મોમ્બાસા મંદિર અને નાઇરોબી મંદિરની યુવાન સત્સંગીઓની બેન્ડપાર્ટી તથા લેઝીમપાર્ટી અને ઉત્સવ મંડળીઓએ રમઝટ બોલાવી હતી. સંતો-હરિભક્તો અને હજારો દર્શનાર્થીઓની જનમેદની વચ્ચે પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના



એવા દર્શન થઈ રહ્યા હતા કે,

"મળ્યા આવે મહા મુનિના વૃંદ રે,
તેમાં શોભે તારે વીંટ્યો જેમ ચંદ્ર રે".

આ કીર્તનના શબ્દો જાણે કે સાકાર બની ગયા હતા. ધામધુમથી શોભાયાત્રા મંદિરે આવી પહોંચી હતી અને અહીં વિશિષ્ટ રીતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતું. પછી પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ ઠાકોરજીની આરતી ઉતારી હતી. ત્યાર બાદ સભા થઈ હતી.

આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ શિક્ષાપત્રી ભાષ્ય નવાન્હ પારાયણનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે ભૂજ મંદિરના આગેવાન સંતો પણ ઉપસ્થિત રહ્યા હતા. મંદિરના આગેવાનો પ.ભ.શ્રી કરસનભાઈ તથા પ.ભ.વિઠ્ઠલભાઈ તથા કચ્છ લેઉઆ પટેલ સમાજના આગેવાનો પ.ભ. હિરજીભાઈ, પ.ભ. નારાયણભાઈ પ.ભ. હરિભાઈ તથા ગામી ભાઈઓ એમ સર્વે હરિભક્તોએ ખૂબ સુંદર વ્યવસ્થા કરી હતી. સ્વામિનારાયણ એકેડમી સ્કુલ તથા સહજાનંદ એપાર્ટમેન્ટ તથા હરિભક્તોના ઘરે પધરામણી તથા સત્સંગસભાનો અમૂલ્ય લાભ પૂ.મહારાજશ્રીએ આપ્યો હતો.

તા.૨૬-૧-૨૦૦૪ ના શુભ દિને પ.પૂ.આચાર્ય મહારાજશ્રીના શુભ હસ્તે જય જય કાર સાથે બહેનોના મંદિરમાં પ્રતિષ્ઠા વિધિ અને શ્રી વિષ્ણુયાગની પૂર્ણાહુતિનું શ્રીફળ હોમી યજ્ઞની પૂર્ણાહુતિ ધામધુમથી સંપન્ન થઈ હતી.

પ્રાસંગિક સભામાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સૌને આર્શીવાદ પાઠવ્યા હતા. આ સાથે મોમ્બાસાનો કાર્યક્રમ પૂર્ણ થયો. હરિભક્તોની ભાવભીની વિદાય લઈ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સંત-મંડળ સાથે નાઇરોબી જવા પ્રયાણ કર્યું.

તા. ૨૬-૧-૨૦૦૪ના રોજ નાઇરોબી આવી પહોંચ્યા. અહીંનો મુખ્ય કાર્યક્રમ શ્રી લક્ષ્મણ ભીમજી કન્સ્ટ્રક્શન કંપનીની સુવર્ણ જયંતી મહોત્સવ પ્રસંગે ઈ.આ.સ. સ્વામિનારાયણ મંદિરમાં હરિવાક્ય સુધાસિન્ધુની પાંચ દિવસની પારાયણ, શાકોત્સવ આતશબાજી જેવા વિવિધ કાર્યક્રમો પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના દિવ્ય સાંન્નિધ્યમાં કંપની તરફથી યોજવામાં

આવ્યા હતા.

તા.૨૭ ના રોજ ભવ્ય શોભાયાત્રાનું આયોજન કર્યું હતુ. જેમાં કંપની તરફથી તમામ હરિભક્તોને એક સરખા શર્ટ અને બહેનોને એકસરખી સાડી ભેટ આપવામાં આવી હતી. જેની આગવી છાપ પડતી હતી. બેન્ડપાર્ટી, લેઝીમપાર્ટી, ઉત્સવમંડળીની રમઝટ સાથે ધામધુમથી શોભાયાત્રા મંદિરમાં આવી પહોંચી હતી. ત્યારબાદ આરતી, પ્રાર્થના અને સભા થઇ. સમસ્ત સભાને પૂ. મહારાજશ્રીએ આશીર્વાદ પાઠવ્યા હતા.

તા. ૨૮ થી પારાયણની શરૂઆત થઇ. જેના એક વકતા ભૂજના શા. ધર્મવિહારીદાસજી અને બીજા વક્તા તરીકે પ.ભ. લક્ષ્મણભાઇના ભાવ આગ્રહથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શાસ્ત્રીસ્વામી હરિકેશવદાસજીએ વ્યાસાસને બિરાજી "હરિવાક્ય સુધા સિન્ધુની કથાનો લાભ આપ્યો હતો. સાંજે પ.ભ. લક્ષ્મણભાઇની કંપની તરફથી ભવ્ય શાકોત્સવનું આયોજન કર્યું હતુ. પૂજય મહારાજશ્રીને સ્વયં શાકનો વઘાર કરતા નીરખીને હરિભક્તો ભાવવિભોર બની શ્રીહરિના અપર સ્વરૂપમાં સાક્ષાત્ શ્રીજી મહારાજના દર્શન કરતા હતા.

સભામાં પૂ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું હતું કે આપણે શ્રીજી મહારાજની નકલ નથી કરતા પણ એ દિવ્ય ચરિત્રને યાદ કરીએ છીએ. કોળીએ કોળીએ સહુ હરિભક્તો મહારાજનું નામ લઇને પ્રસાદ જમજો.

તા. ૩૦ જાન્યુઆરીના પૂ. મહારાજશ્રીના શુભ હસ્તે અહીંના મંદિરની વેબસાઇટ લોંચ કરવામાં આવી હતી.

તા. ૩૧ જાન્યુઆરીના રોજ રાત્રે પ.ભ. લક્ષ્મણભાઇની કંપની તરફથી ભવ્ય આતશબાજીનો કાર્યક્રમ યોજાયો હતો. રંગબેરંગી ફટાકડાઓના તડાકા અને ભડાકા નિહાળવા હરિભક્તો અને સ્થાનિક લોકોની ભારે ભીડ જામી હતી.

તા.૧-૨-૨૦૦૪ ના રોજ પારાયણ અને કાર્યક્રમની સમાપ્તિ થઇ. સભામાં પૂ. મહારાજશ્રીએ યજમાનોને ખૂબખૂબ આશીર્વાદ પાઠવ્યા અને કહ્યું કે પ.ભ. લક્ષ્મણભાઇની કંપનીએ જેમ એમનું સ્ટાન્ડર્ડ જાળવી રાખ્યુ છે એમ આપણે પણ સત્સંગી તરીકેનું આપણું સ્ટાન્ડર્ડ જાળવી રાખવું જોઇએ. કંપનીના ભાગીદારો પ.ભ. શ્રી લક્ષ્મણભાઇ, પ.ભ. કાનજીભાઇ કલ્યાણભાઇ, પ.ભ. રવિભાઇ આદિ સૌ પરિવારે ખૂબ લાભ લીધો અને ખૂબ સેવા કરી. મંદિરના કાર્યકરો પ.ભ. મનજીભાઇ તથા પ.ભ. ભીમજીભાઇ વગેરે હરિભક્તોએ પણ ખૂબ સેવા કરીને પ.પૂ. મહારાજશ્રીનો રાજીપો મેળવ્યો હતો. આ સુંદર કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સૌની ભાવ ભીની વિદાય લઇ પ.પૂ. મહારાજશ્રી અને સંતોએ યુગાન્ડા જવા પ્રયાણ કર્યું અને સીધાજ કંપાલા આવી પહોંચ્યા હતા.

અહીં કંપાલા શહેરમાં આપણું સુંદર મંદિર છે. હરિભક્તોએ ખૂબ ઉત્સાહથી શોભાયાત્રાનું આયોજન કર્યું હતુ. શોભાયાત્રામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સાથે અહીંના મેયર સબાના કિઝિતો પણ છેક સુધી બેઠા હતા. અને શોભાયાત્રા વાજતે ગાજતે મંદિરમાં આવી પહોંચી હતી. અને ત્યાર બાદ ઠાકોરજીની આરતી અને સભા થઇ હતી. છેક સુધી મેયર સભામાં ઉપસ્થિત રહ્યા હતા. અને પૂજય મહારાજશ્રીના દર્શન અને આર્શીવાદથી તેઓ ખૂબ પ્રભાવિત થઇ ગયા હતા. પૂ. મહારાજશ્રીએ અંગ્રેજીમાં તેમની સાથે વાતચીત કરી હતી અને કહ્યું હતું કે અમે ૩૩ વર્ષ બાદ અહીં આવ્યા છીએ. ત્યારે મેયરે કહ્યુ કે અમે આપને આમંત્રણ પાઠવીએ છીએ કે આપ વારંવાર અહીં પધારતા રહો.

તા. ૨-૨-૨૦૦૪ ના રોજ સોર્સ ઓફ નાઇલ પર હરિભક્તોએ પધરામણી અને સત્સંગસભાનું આયોજન ગોઠવ્યું હતુ. લેકવિક્ટોરીયામાંથી નાઇલ નદીનું ઉદ્‌ગમસ્થાન શરૂ થાય છે એ રમણીય સ્થળ ઉપર વિશાળ સંખ્યામાં હરિભક્તો આવ્યા હતા. ત્યાં સત્સંગ સભામાં સંતોએ મુખપાઠ વચનામૃત સંભળાવ્યુ તથા કથાવાર્તા કરી અને પૂ.આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ ત્યાંજ સહુએ ફળાહારનો પ્રસાદ સ્વીકાર્યો હતો. દરેકને સ્મરણપથમાં સદાય રહે એવો આ યાદગાર અને દિવ્ય કાર્યક્રમ હતો. વિશ્વની આ લાંબામાં લાંબી (૬૪૦૦ કિ.મિ.) નાઇલ નદીનું ઉદ્‌ગમસ્થાન ખરેખર શ્રીહરિના અપર સ્વરૂપના દિવ્ય ચરણોથી તીર્થરૂપ બની ગયુ !

સાંજે મંદિરમાં સભાનું આયોજન હતુ. સભામાં પૂજય મહારાજશ્રીએ આશીર્વાદ પાઠવ્યા અને અહીંના યુવાનોએ તૈયાર કરેલ મંદિરની વેબસાઇટ પૂ. આચાર્ય મહારાજશ્રીના હસ્તે લોંચ કરાવી હતી.


તા. ૩ ફેબ્રુઆરીના સવારે મંદિરમાં ઠાકોરજીને અન્નકુટ ધરાવ્યો હતો. પૂ. આચાર્ય મહારાજશ્રીએ આરતી ઉતારી પછી હરિભક્તોની ભાવનાને માન આપી પધરામણીમાં પધાર્યા હતા.

બપોરે ૪-૦૦ વાગ્યે પૂજય મહારાજશ્રીના ઉતારે સભા થઇ હતી. જેમાં પૂ. આચાર્ય મહારાજશ્રીએ નિર્વ્યસની રહેવાની ટકોર કરી હતી. પૂ.

(અનુસંધાન આઠમે પાને)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના
ષષ્ઠીપૂર્તિ મહોત્સવનાં અંગભૂત કાર્યક્રમ

રંગોત્સવ અને વિજય સ્તંભ સ્થાપન ભવ્યાતિભવ્ય રીતે ઉજવાયો



શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના વડાધર્મગુરૂ પ.પૂ.ધ.ધુ.૧૦૦૮શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના પોતાના જીવનકાળના ૬૦ વર્ષ પૂરાં કરતાં હોઈ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજ ૧૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજીની અધ્યક્ષતામાં પૂ. મહારાજશ્રીનો ષષ્ઠીપૂર્તિ મહોત્સવ તા.૨જી એપ્રિલથી તા.૮મી એપ્રિલ દરમિયાન ઉજવવામાં આવનાર છે. આ કાર્યક્રમના ખાસ અંગભૂત કાર્યક્રમ તરીકે તા.૭-૩-૦૪ને રવિવારે ધૂળેટીનાં દિવસે સ્વામિનારાયણ સંપ્રદાયનો રંગોત્સવ અને ષષ્ઠીપૂર્તિ મહોત્સવ પ્રસંગે આયોજિત મહાવિષ્ણુયાગ નિમિત્તો વિજયસ્તંભ સ્થાપનાનો કાર્યક્રમ શ્રી સ્વામિનારાયણનગર ગુ .યુનિ. એજ્યુકેશન સોસાયટી ગ્રાઉન્ડ ખાતે હજારોની જનમેદનીની હાજરીમાં જય સ્વામિનારાયણના જયઘોષ સાથે ભવ્યાતિભવ્ય રીતે ઉજવવામાં આવ્યો.

ધૂળેટીના દિવસે તા.૭-૩-૦૪ના રોજ આ કાર્યક્રમની શોભાયાત્રા સવારે ૮.૩૦ કલાકે શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરાથી હજારો હરિભક્તોની હાજરીમાં "શ્રી નરનારાયણદેવની જય" "જય શ્રી સ્વામિનારાયણ" ના જયઘોષ સાથે શરૂ થઈ હતી.

આ શોભાયાત્રામાં વિજયસ્તંભ અને ધર્મધ્વજા હાથી ઉપર પધરાવવામાં આવી હતી. કેસરીયા સાફાવાળા અશ્વઆરોહી હરિભક્તોની ટુકડી સૌના આકર્ષણનું કેન્દ્ર બની હતી. આ શોભાયાત્રામાં હજારોની જનમેદની ઉપરાંત ટર્ફ અને વિશ્વમંગલ સ્વામિનારાયણ ગુરુકુળ કલોલના વિદ્યાર્થીઓ, શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સભ્યો, દેશ-વિદેશના પૂ. સંતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. ધૂળેટીના પવિત્ર રંગોત્સવના દિવસે નીકળેલી આ શોભાયાત્રામાં પૂ.સંતો તથા તમામ ધર્મપ્રેમી ભાઈ-બહેનોએ ભક્તિભાવ પૂર્વક રંગોની રેલમછેલ બોલાવતા શહેરના માર્ગો અબિલ-ગુલાલથી આચ્છાદિત થઈ ગયા હતા. શોભાયાત્રાના માર્ગમાં ઠેર-ઠેર દર્શકોની ભીડ જોવા મળી હતી. શહેરના માર્ગો પર શોભાયાત્રા દરમિયાન સુંદર પોલીસ બંદોબસ્ત જોવા મળ્યો હતો.

શ્રી નરનારાયણદેવની જન્મ જયંતીના પવિત્ર દિવસે પૂ.લાલજી મહારાજની અધ્યક્ષતામાં નીકળેલી આ શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગો દેવેન્દ્ર સોસાયટી, સહજાનંદચોક, દર્પણ છ રસ્તા, વિજય ચાર રસ્તા થઈ ને મહોત્સવના સ્થળ સ્વામિનારાયણનગર ખાતે પહોંચી હતી.

સ્વામિનારાયણ નગર ખાતે શોભાયાત્રા પહોંચ્યા પછી બરાબર ૧૦.૩૦ કલાકે પૂ.લાલજી મહારાજશ્રી અને પૂ.બાળલાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે વિજય સ્તંભનું પૂજન કરી સ્થાપના વિધિ કરવામાં આવી હતી. આ વખતે સમગ્ર વાતાવરણ "શ્રી નરનારાયણ દેવની જય" "શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય" ના નાદથી અલૌકિક દિવ્યતાને પામ્યું હતું. વિજયસ્તંભ સ્થાપના પછી તરતજ શોભાયાત્રા સભામંડપમાં સભાના રૂપમાં ફેરવાઈ ગઈ હતી. સભાનું સંચાલન નારણપુરા સ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામીએ કર્યું હતું.

અતિ સુંદર કાષ્ટ કોતરણી વાળા પુષ્પ આચ્છાદિત હિંડોળે ઝુલતા ભગવાન શ્રી સ્વામિનારાયણના મૂર્તિ સ્વરૂપનું કાર્યક્રમના મુખ્ય યજમાનો પ.ભ. પટેલ લવજીદાસ ભીમદાસના પરિવારજનોએ પૂજન કરી આરતી ઉતારી હતી. કાલુપુર સ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામી,પી.પી. સ્વામી તથા શાસ્ત્રી હરિકૃષ્ણ સ્વામીએ સંપ્રદાયમાં રહેલી હરિભક્તોની શ્રધ્ધાને વિરદાવતા પ્રસંગોચિત પ્રવચનો કર્યાં હતાં. આ પ્રસંગે પૂ.લાલજી મહારાજે શ્રી નરનારાયણદેવનો મહિમા સમજાવતાં કહ્યું હતું કે - "આ બધું જ એની કૃપાથી સંભવિત છે, આપણે એમના આશ્રિત સર્વપ્રકારે સુખને પામીએ માટે શ્રી નરનારાયણદેવ તપ કરી રહેલાં છે." ભગવાનશ્રીની ભક્તવત્સલતાના આવા ઉદાહરણવાળા પ્રેરક પ્રવચન પછી પૂ. બાળલાલજી મહારાજે અદ્‌ભૂત છટાથી બ્રહ્માનંદ સ્વામીનો છંદગાઈ ને સભાને સ્તબ્ધ કરી દીધી હતી. પૂ.શ્રી

બાળલાલજીની મધુર વાણીને હજારોની જનમેદનીએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી. સભા સમાપન પછી ગ્રાઉન્ડમાં ઉંચા બાંધેલામંચ પરથી પૂ.લાલજી મહારાજશ્રી તથા પૂ. બાળલાલજી મહારાજે આધુનિક ઉપકરણ વાળા ફૂવારામાંથી કેસરયુક્ત રંગોથી સુવાસીત પાણીની છોળો ઉડાડી રંગોત્સવ મનાવ્યો હતો. હજારો હરિભકતો આ રંગની પ્રસાદી મેળવી ધન્યતા અનુભવતાં દેખાતા હતાં. આ સમગ્ર કાર્યક્રમની સૌથી ધ્યાન ખેંચનાર વસ્તુ હતી સંપ્રદાયની સ્વયં શિસ્ત બધ્ધતા. આટલી મોટી જન સંખ્યાની ઉપસ્થિતિ છતાં ક્યાંયે કોઈને એક પણ અણબનાવ કે અગવડ ઉભી થયેલી જોવા મળી ન હતી. શોભાયાત્રા-સભા અને રંગોત્સવ તમામ પ્રસંગે સત્સંગીઓની આ સ્વયંશિસ્તમાંથી બોધપાઠ મળી શક્યો હતો. જે સંપ્રદાયની મહાનતા અને હરિભક્તોની સંપ્રદાયમાં તેમજ પ.પૂ. મહારાજશ્રીમાં રહેલી શ્રધ્ધા વ્યકત કરતાં હતા. રંગોત્સવ વખતે પૃથ્વીપર બીજું ગોકુળ કે વૃંદાવન ઉતરી આવ્યું હોય એવા અલૌકિક દ્રશ્યની રચના થઈ ગઈ હતી. પૂ. બાળલાલજીમહારાજમાં ત્યાં હાજર રહેલ દરેક વ્યક્તિને બાળ કૃષ્ણનાં દર્શનની ઝાંખી થઈ હતી.આ પ્રસંગે પ.પૂ. સુ.શ્રી ગાદીવાળાશ્રી તથા અ.સૌ. વહુજી મહારાજશ્રીએ ખાસ ઉપસ્થિત રહી મોટી સંખ્યામાં હાજર રહેલ બહેનોને દર્શનનો દિવ્ય લાભ આપ્યો હતો. તથા રંગોત્સવની રંગપ્રસાદી સભા મંડપના સ્થાનમાં આપીને રંગે રમાડ્યા હતાં. તમામ કાર્યક્રમોના સમાપન પછી હજારોની જનમેદની સ્વયંશિસ્ત બધ્ધ રીતે વિખરાઈને નારણપુરા સ્વામિનારાયણ મંદિરે પહોચી હતી. મંદિર ખાતે તમામ આમંત્રિતો અને હરિભક્તોએ પ્રસાદનો લાભ લીધો હતો.

આમ પ.પૂ. મહારાજશ્રીના ષષ્ઠી પૂર્તિ મહોત્સવનાં શુભ શ્રી ગણેશ ભવ્ય રીતે મંડાયા હતા.

(છઠ્ઠા પાનાનું ચાલુ)

મહારાજશ્રીની આજ્ઞા થતા જ જેને જેને વ્યસન હતા તે યુવાનો એ હાથમાં પ્રસાદીનું જળ લઈ વ્યસન છોડવાની પ્રતિજ્ઞા કરી હતી અને ફરીથી વ્યસન નહીં કરીએ એવું વચન આપ્યુ હતુ.

પ.ભ. પર્વતભાઈ, પ.ભ. નિતીનભાઈ, પ.ભ. ગોપાલભાઈ, પ.ભ. રવજીભાઈ તથા પ.ભ. સુરેશભાઈ વગેરે યુવાન હરિભકતોએ ખૂબ ઉત્સાહથી તમામ સેવા કરી પૂ. મહારાજશ્રીનો રાજીપો મેળવ્યો હતો. સાંજે ૫-૦૦ વાગ્યે ત્યાંથી વિદાય લઈ પરત નાઈરોબી પધાર્યા હતા.

તા.૪-૨-૦૪ના રોજ નાઈરોબીમાં લાયન્સ ક્લબ સંચાલિત વિશાળ આંખની હોસ્પિટલ છે. તેમાં "આઈ નિદાન કેમ્પ" પ.પૂ.આચાર્ય મહારાજશ્રીના હસ્તે ખુલ્લો મૂકાયો હતો. અને આખા હોસ્પિટલ સંકુલમા પૂજ્ય મહારાજશ્રીની પધરામણી કરાવી હતી. પૂ. આચાર્ય મહારાજશ્રીની પધરામણી, દર્શન અને આશીર્વાદ થી તેના ડિસ્ટ્રીક્ટ ગવર્નર, ચેરમેન, વાઈસચેરમેન, તથા પ.ભ. રામજીભાઈ વગેરે ખૂબ પ્રભાવિત થયા હતા. તથા પ.ભ. લક્ષ્મણભાઈની સેવાને પણ સૌએ બિરદાવી હતી. અને પ.પૂ. મહારાજશ્રી તેમના પર ખૂબજ પ્રસન્ન અને રાજી થયા હતા.આજ દિવસે સાંજે કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિરમાં વિશાળ સત્સંગસભાનું આયોજન કરવામાં આવ્યું હતુ. પૂજ્ય મહારાજશ્રી તેઓના આમંત્રણથી મંદિરમાં પધાર્યા હતા. અને ભારે ઉત્સાહથી બેન્ડપાર્ટી, લેઝીમ અને ઉત્સવમંડળીએ કીર્તનની રમઝટ સાથે પૂ. મહારાજશ્રીનું સામૈયુ કર્યુ હતુ. ત્યારબાદ ઠાકોરજીની આરતી અને સભા થઈ. સભામાં સંતોએ કથાવાર્તા કરી. ત્યારબાદ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ જુના સંસ્મરણોને યાદ કરીએ આશીર્વાદ પાઠવતાં કહ્યું હતું કે શ્રી નરનારાયણદેવના તાબામાં, છત્રછાયામાં રહેનાર સદાય સુખી રહે છે.

તા. ૫-૨-૨૦૦૪ના ઈસ્ટ આફ્રિકા સ્વામિનારાયણ મંદિરમાં સવારે પૂજ્ય આચાર્ય મહારાજશ્રી અને સંતોનો વિદાય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો અને સાંજે નાઈરોબીથી ભાવભીની વિદાય લીધી.

એવી રીતે મોમ્બાસા, નાઈરોબી, કપાલાજીંજા વગેરે સ્થળોએ પોતાના દર્શન આશીર્વાદથી સર્વ હરિભક્તોના સંસ્કાર અને સત્સંગને પુષ્ટ કરીને વિમાન માર્ગે તા.૬-૨-૦૪ના સવારે નવ વાગ્યે વાયા મુંબઈ અમદાવાદ એરપોર્ટ ઉતર્યા. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી શ્રમિત હોવા છતાં પોતાના નિવાસે ન જતાં એરપોર્ટથી સીધા જ અમદાવાદ મંદિરે પધારી શ્રી નરનારાયણદેવ આદિ સ્વરૂપોનાં દર્શન કરી જેતલપુર પધારી શ્રી રેવતી-બળદેવજી હરિકૃષ્ણ મહારાજનાં દર્શન કરી પછી જ પોતાના નિવાસ સ્થાને પધાર્યા.

નવું પ્રકાશન.... ચોવીસ એકાદશીઓના મહાત્મ્યની પ્રેરક કથાઓ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીની કલમે લખાયેલ આ પુસ્તકમાં સત્સંગિ જીવન પ્રમાણે વ્રત વિધિ ઉદ્યાપન અને એકાદશી મહિમાના કીર્તનોનો સમાવેશ કર્યો છે. ગમે તેવો નાસ્તિક પણ આ પુસ્તક વાંચીને એકાદશીનું વ્રત કરતો થઈ જાય એવું અનોખું આ પુસ્તક છે.પ્રાપ્તિ: સાહિત્ય કેન્દ્ર અમદાવાદ મંદિર.



હાલારના યોગેશ્વર

સ્નેહ મૂર્તિ સચ્ચિદાનંદ સ્વામી

- નરશી કે. મારવી (સુરત) જીરાગઢ

પૂર્વછાયો

મુનિ કહે સુણો મહિપતિ
પામી પ્રસંગ સાંભર્યુ એહ
સ્વામી સચ્ચિદાનંદજી, તેનો સંક્ષેપે
વર્ણવું સ્નેહ

ચોપાઈ - દેશ હાલારમાં મોડાગામ
દરબાર મોટાભાઈ નામ
રામાનંદ સ્વામીના પ્રતાપે
મહાસામર્થી પામેલ આપે
સાધુ થાવા મહા પ્રભુ પાસ
ઘર મેલ્યુ છે થઈ ઉદાસ

હાલાર પ્રદેશમાં નવ નવ યોગેશ્વર થઈ ગયા. સ.ગુ.ભૂમાનંદ સ્વામી, સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી, સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામી, સ.ગુ. ગોવિંદાનંદ સ્વામી, સ.ગુ.શિવાનંદ સ્વામી, સ.ગુ. અક્ષરાનંદ સ્વામી, એક કરતા એક ચડિયાતા નંદ સંતો હાલારની પવિત્ર ભૂમિ ઉપર પ્રગટ થયા છે. તેમાં મહાપ્રભુ ભગવાન શ્રી સ્વામિનારાયણ સાથે જેને અજોડ સ્નેહ હતો એવા સ્નેહ મૂર્તિ સચ્ચિદાનંદ સ્વામીનું પૂર્વાશ્રમનું દરબાર મોટાભાઈ નામ હતું. સાધુ થવાની ઇચ્છાથી સંસારથી ઉદાસ થઈ ઘરમૂકી ચાલી નિકળ્યા.

ઝાલાવાડ પ્રદેશમા ખોલડિયાદ ગામમાં રાત રહ્યાને હંસરાજભાઈ પટેલને વાત કરી.

ચોપાઈ - તમે કહેશો તે કરીશ કામ
નથી લેવા મજુરીના દામ
દાળ રોટલો આપજો દાડી
હંસરાજે રાજીપે હા પાડી
પેટીયા તરીકે રહ્યા આમ
થયા ઘરના રાજી તમામ
જાણ્યું ભૂખ્યા આવ્યા હશે વાટ
રાંધી રસોઈ બધાના માટ

હંસરાજભાઈના ઘરવાળાએ વિચાર્યુ જે, ભૂખ્યા આવ્યા હશે એમ જાણી બધાના માટે રસોઈ ફરી ને પેલા મોટાભાઈ ને હું વાળું કરાવું પછી બધા નિરાંતે ખાશું. બાઈ સ્વામીને કહે પેલા તમે જમી લીયો.

ચોપાઈ - પામ્યો પરચો પેલી રાતે
હતું એટલું ખુટાડી દીધુ
છાશ સુધા વધ્યું નહિ બાકી
ઘરના બધા બેઠાતા તાકી

ઘરના બધાને એમ કે નિરાંતે ખાશું પણ સ્વામીએ છાશને બધું ખુટાડી દીધું ફરી ચુલો પેટાવો પડ્યો. ઘરવાળા બીજાણા ને કહે આતા પેટીયુ ભારે પડશે. આપણાથી નહિ પાલવાય. ત્યાં મોટાભાઈ બોલ્યા કે -

ચોપાઈ - તમ સાથે ઠરાવ્યુ તું આવું.
જ્યારે રજા આપો ત્યારે જાવું
ત્યારે રજા આપી હંસરાજે
કહે સુખેથી સિધાવો આજે.

ત્યાંથી સ્વામી ચાલી નિકળ્યાને ગઢપુર આવ્યા. મહારાજે મોટી બાને કહ્યું હતું કે ભૂખ્યાને જમાડ્યા જેવું કોઇ પુન્ય નથી, ત્યાં મોટીબાએ ચાર રોટલા બનાવ્યા ને ખૂબ ઘી થી ચોપડી દીધા, રસોડામાં મોટીબા રોટલા ઘડેને બારે બેઠા બેઠા મોટાભાઈ (સ્વામી જમે) વીશ રોટલા જમી ગયા ! ને મોટીબા રીસ ચડાવીને બોલ્યા કે -

ચોપાઈ, બોલ્યા રોટલા ઘડતા ત્યાંથી
પીટ્યો કાળ આવ્યો છે ક્યાંથી
સુણીબાઈ બોલ્યા થઈ રાજી
થાક્યા હોતો રાખો હવે માંજી
સાંજ વેળાએ વાળું કરાશે.
એવું કહી ગયા પ્રભુ પાસે

આંપી પૂરી પ્રસાદીની જ્યારે
થયા તૃપ્ત મોટાભાઈ ત્યારે
પછી સાધુ કર્યા સુખધામે, સ્વામી
સચ્ચિદાનંદને નામે.

એક વખત સભામાં સંતો હરિભક્તો મહારાજના સ્વરૂપમાં તલ્લીન બની કથા સાંભળતા હતા. જેમાં દુવાર્સા ઋષિ ગોપીયોના થાળ જમી ગયા ને સદા ઉપવાસી કહેવાયા ને વાત સાંભળી જીવા ખાચર બોલ્યા હે મહારાજ !

ચોપાઇ
એવો ગપ્પો ન માનીએ અમે
પ્રભુ કહે કહેશું કોઇ સમે
એમ કહીને વિસારી વાત
વીતી ગયા તેને દિન સાત

આ વાતને અઠવાડિયું વીતી ગયુંને ગઢપુરમાં ઉપરા ઉપરી ગળવાણાની રસોઇ ચાલે ને જીવાબાપુને થયું કે જલેબી, મોતીયા લાડુ કરાવું ને એક સાથે બે દિવસ સુધી શ્રી હરિ ને સંતો જમે તે માટે કંદોઇને તમામ જાતની મીઠાઇ બનાવી પછી મહારાજ પાસે આવ્યાને જાતે તપાસ કરીને મહારાજ કહે કોઇપણ જાતની ખામી નથી ને બોલ્યા -

ચોપાઇ - જીવાબાપુનો જીવ ઉદાર
એમાં કમી ન હોય લગાર
તોય આગ્રહ કર્યો ઉમંગે
મેલ્યા સચ્ચિદાનંદજીને સંગે

મહારાજે બાપુને ભલામણ કરીને કીધું કે થોડું ટીંમણ આને આપજો ત્યાંતો બાપુ કહે :

ચોપાઇ - બાપુ કહે કહેવા પણું નોય
હજી ભૂખ્યો ગયો નથી કોઇ
બેય ઓરડા ઊઘાડ્યા જ્યાંય
ભરચક ભરેલા મીઠાઇ

બંને ઓરડા ઉઘાડ્યા, બધા વાસણો જાત જાતની મીઠાઇથી ભરચક ભરેલા હતા ! બાપુએ વિવેક કર્યો છે કે થોડી કોરડ કરીને જાવોને ? જાણ્યું કે શેર પાશેર મીઠાઇ ખાશે. સ્વામીએ ટીમણ કર્યું :

ચોપાઇ -
ખાઇ મીઠાઇ કરી ખલાશ
જીવાબાપુ બોલ્યા પ્રભુ પાસ
મોટોભાઇ દુવાર્સાનો આતો
ખોટી નથી પુરાણની વાતો
નથી વાત સાધારણ એહ
કેમ પેટમાં સમાય તેહ
પોતે જમ્યા પ્રભુને સંભારી
શિષ્ય પ્રીતની રીત છે ન્યારી

એક વખત સુરા બાપુ ગઢડે આવ્યાને સ્વામી માણકી માટે ચારો લાવ્યા હતા તે બધું ઘોડાને નાખી દીધું સ્વામી આકળા થઇ ગયાને બોલ્યા કે,

ચોપાઇ - સચ્ચિદાનંદ આકળા થઇ
બોલ્યા બાપુને ટુંકારો દઇ
ઘાસ લાવ્યો તો માણકી કાજે
તારી માને શું નીરશું આજે

સ્વામીએ બાપુને હેતમાં ટુંકારો દીધોને સુરાબાપુ શરમાઇ ગયા. મહારાજને ખબર પડી તે સ્વામીને બોલાવીને વઢ્યા. સ્વામીને વિરહ વધ્યો. વિરહમાં ને વિરહમાં સ્વામીને રૂંવાડે રૂંવાડે લોહીના બુંદ આવી ગયા. અન્નજળ ગળે ઉતરે નહિ, વેદનામાં ત્રણ દિવસ જતા રહ્યા. સુરાભક્તને રીઝાવા મહારાજ સ્વામીને વઢ્યાતા !

ચોપાઇ-એવા સમે ત્યાં બન્યો બનાવ
જીવા બાપુને આવ્યો તો તાવ
તેને દર્શન દેવાને કાજ
સંતો સાથે ગયા મહારાજ

જ્યારે મહારાજ ત્યાંથી પાછા વળ્યા ત્યારે સ્વામીના શિષ્યને મનમાં થયુ કે

ચોપાઇ - એને અંતરે ઉઠ્યો તો ઘાટ
જાય મોટાને રીઝાવા માટ
મારા ગુરુ વિરહે રીબાય
તેને જોવા કોઇ નવ જાય
ઘાટ જાણી લીધો મહારાજે
કહ્યુ સંતને ઉંચા અવાજે
સાધુરામ ઉતાવળા ચાલો
જઇ સ્વામીને ખબર આલો.

મહારાજ આવે છે જાણી સંતનો ઉચાટ મટી ગયો. પણ અણું જેટલો મહારાજનો અભાવ ન હોતો આવ્યો. ને જ્યાં સ્વામીને ખબર આપી ત્યાં તો સ્વામી રાજી રાજી થઇ ગયાને મહારાજ બોલ્યા કે તમારા માટે અમો થાળ મેલશું ને તમે જમજો. માથે હાથ મૂકી રાજી થઇને મહારાજ ઊઠ્યા. ત્યાં સુરાબાપુ બોલ્યા કે,

ચોપાઇ
સુરા બાપુ બોલ્યા એ સભામાં
ભાન રાખે નહિ બોલવામાં
પછી રુંવે છે રાતને દિન
એવું સુણી ખીજ્યા ભગવાન.

મહારાજ કહે, તમને રાજી કરવા માટે અમે સ્વામીનો વાંક કાઢ્યો હતો.

ચોપાઇ - ભોલ કહીને દેખાડી ભૂલ
કર્યું સુરા બાપુએ કબૂલ
ત્યારે સ્વામી એ સ્નેહ કરીને
મળ્યા બાથમાં લઇ બાપુને

પછી સ્વામી અતિ સ્નેહથી સુરાબાપુને બાથમાં લઇને મળ્યા. મહારાજે રાધા વાવે વિશાળ વાડીમાં સ્વામી ને સેવામાં કાયમ રાખેલ હતા. દરેક ઋતુમાં તાજા શાક પ્રભુના થાળમાં પહોંચાડતા. એક વખત તાજા રીંગણા

ઉતાર્યા તેથી થોડું મોડુ થઈ ગયું. મહારાજ ના થાળમાં કામ નહિ આવે એવી ચિંતામાં સ્વામી નારાજ થયા.

ચોપાઈ

રીંગણાની જ્યાં ગાસડી બાંધી
થઈ સ્વામીને સ્નેહ સમાધી
સ્નેહનો મહિમા છે મહાન
થયો સંકલ્પ મૂર્તિમાન
જળ હિમથી જામે છે જેમ
થયો સાકાર સંકલ્પ તેમ
માથે ગાસંડી લઈ સિધાવ્યા
મોડુ માની ઉતાવળા આવ્યા

બાઈઓની સભા બેઠી હતી. બાઈઓ બૂમ પાડવા લાગી કે પુરુષથી અહિંયા અવાય નહિ, ને સ્વામી સોંસરા નિકળ્યા. સાંખ્યયોગીબાઈઓ દિલગીર થઈ મહારાજ પાસે આવીને કહે, અમને સાધુ અડ્યા તો ઉપવાસ પડશે, મહારાજ મંદ મંદ હસવા લાગ્યા ને વાત કરી કે,

ચોપાઈ - સચ્ચિદાનંદજી સંત જે છે
રાધાવાડીએ સેવા કરે છે
એનો સંકલ્પ સાકાર આજે
આવ્યો રીંગણા આપવા આજે
દિવ્ય ભાવની દ્રષ્ટિએ જોઈ
ઉપવાસ ન કરશો કોઈ
ભૂત, ભવિષ્યનુ ભાખનારા
કોટી કવિ શું કરે બિચારા
થાય સંકલ્પ સાકાર એતો
મહા પ્રભુનો પ્રતાપ એતો

એક વખત શેરડીના વાઢમાં શિયાળીયા હરેડીયા થઈ ગયા, ખાય થોડુંને બગાડ બહુ કરે. તેને સ્વામીએ સમાધી કરાવી. ચિત્તવૃતિ નાડી તાણી લીધી ! ને સવારે સમાધીમાંથી છોડ્યા તે ભાગ્યા, પછી ફરીવાર આવ્યા જ નહિ.

એક વખત મહારાજ ગઢપુરમાં બિરાજમાન હતા. આગેવાન હરિભક્તો આવી મહારાજના ચરણે શીશ નમાવી બોલ્યા કે મહારાજ વરસાદ વગરના મોલ સૂકાય છે. ઢોર ઢાંખર ભૂખે મરશે.

ચોપાઈ - કૃપા કરી કરો વરસાદ
બોલ્યા શ્રી હરિ ગંભીર સાદ
માથા કૂટ મૂકી દીયો આમ
એતો ઈન્દ્રની સતા તમામ

મહારાજ ની મરજી ન જોઈ કોઈ કાંઈ બોલી શક્યા નહિ. હરિભક્તો ગોપાળાનંદ સ્વામી પાસે ગયાને કહે સ્વામી વરસાદ વગર મરી જાશુ અન્ન નહિ પાકે તો શુ ખાશું ? સ્વામી કહે ચાલો મહારાજ પાસે વાત કરીએ. પ્રભુ વરસાદ કરશે. ભક્તો કહે, મહારાજ પાસે ગયા હતા પણ કાંઈ વળ્યું નહિ. તમારા શરણે આવ્યા છીએ. સ્વામી મુંઝાયા ! કહે, મહારાજની મરજી વિના વરસાદ કાંઈ વરસાવી શકશે નહિ. ભક્તો કહે, સ્વામી :

ચોપાઈ - તમે ધારો તો અવશ્ય થાય
સુણી સ્વામી બોલ્યા નહિ કાંઈ
સહું ઊઠ્યા ઉદાસીમાંથી
આંટાં ઊખાળ્યા પાઘડી માંથી

એવા શોકાતુર થયાને નજરે મોતના દિવસ દેખાય. અરે ! કોણ સાંભળે આપણી રાવ, ત્યાંથી સચ્ચિદાનંદજી સ્વામીને મળ્યા, પાઘડી ઉતારી પગે લાગ્યાને કહેવા લાગ્યા, સ્વામી તમે બહુ દયાળું છો. વરસાદ વરસાવો તો જીવી શકાય તેમ છે ! કહેતા બધાની આંખોમાં આંસુ ભરાઈ આવ્યા ! ગોપાળાનંદ સ્વામી ને લઈને મહારાજને વાત કરો, સ્વામી કહે.

ચોપાઈ - નોય પ્રભુની ઈચ્છા જરાય
કેવી રીતે અમથી કરાય
વળ્યા નિરાશ થઈને અમે
ત્યાં તો મળ્યા છો દયાળું તમે

નંદ સંતોને મહારાજની આજ્ઞાને મરજી એજ તાન હતું કે મહારાજ કેવી રીતે રાજી થાય. એ વિના બીજી કોઈ ઈચ્છા નહોતી.

ચોપાઈ - સુરાબાપુએ મેલી છે પોક
સ્વામી બોલ્યા નિવારવા શોક
વરસાદ તો હું વરસાવું
પણ પ્રભુના ગુનામાં આવુ
સુરાબાપુ બોલ્યા બળમાંઈ
એની ચિંતા ન કરશો કાંઈ
પ્રભુ ખીજાશે જો તમ માથે
તો અપરાધ લઈશ હું માથે.

સ્વામીને કહે તમને વઢવા નહિ દઈએ અપરાધ અમે માથે લઈ લેશું. બધા એકી અવાજે બોલ્યા. સ્વાર્થી લોક બહુ પણ પરપીડા તો કોક જ જાણે ભક્તોને થયું કે મહારાજ ખીજાશે પણ વરસાદ થયેલો કાંઈ પાછો જવાનો નથી. ઢગલા બંધ અનાજ પાકશે ને ભગવાનને રાજી કરશું.

ચોપાઈ

શિષ્ય સાંભળી જે સ્નેહ સાથે
સુરા બાપુએ લીધું છે માથે
મેલ્યા ઉતારે સરવેજન
પછી સ્વામીએ વિચાર્યું મન
પરપીડા ન થઈ સહન
આવરણ રહિત છે તન
ઈન્દ્ર લોકે ઉતાવળા જઈ
કહ્યું ઈન્દ્રને આકળા થઈ
તને ખબર નથી એ પૃથ્વી પર વરસાદ વિના મોલ સુકાય છે. ધમકી દઈને ધોલમાં દઈ દીધી. ઈન્દ્ર કહે

ક્ષમા કરો. ઝટ વરસાદ વરસાવું છું. બારે મેઘને આજ્ઞા કરી. બારે મેઘ વરસ્યા અને પૃથ્વી ઉપર પાણી પાણી થઈ ગયું !

ચોપાઈ

ત્યારે મેઘના આવ્યા આનંદે
માર્યા ઠેકડા મુકુંદાનંદે
પૂછયું પ્રભુએ શેનો અવાજ
કહે મેઘ ગાજે મહારાજ
તમે દયા કરી છે દયાળ
કર્યો દુકાળમાંથી સુકાળ
એવું કહ્યું જયા ઉમંગમાંથી
ઉઠ્યા પ્રભુજી પલંગમાંથી

મહારાજે હાકોટો માર્યો. અમારી આજ્ઞા વિના આ કામ કોણે કર્યું ? ઈન્દ્રે સાદ સાંભળ્યો ને વરસાદ બંધ કરી દીધો ! બારે મેઘ ગભરાઈ ગયા! સ્વામીનું હૈયું ભરાઈ ગયું. મોટી બાનો વંડો હતો ત્યાં સ્વામી સંતાઈ ગયા.

ચોપાઈ - હરખાણ સહુ જન લોક
વાધ્યો સચ્ચિદાનંદજીને શોક
ભગવાને ભ્રકુટી ચડાવી
ગૃહી ત્યાગીની સભા બોલાવી
મુની વંડામાંથી બોલાવી
વાલો બહુ વઢ્યા રીશ લાવી
સચ્ચિદાનંદજી ગયા રોઈ
રોમે રોમમાં ટપક્યું લોહી

વરસાદ ક્યાંથી કલેશ થયોને કાંઇ ઉત્તર આપી શક્યા નહિ. શુધ્ધ, બુધ્ધ રહી નહિ, વાલો ફરી વઢ્યા. સુરાબાપુ બોલ્યા, મહારાજ ! સ્વામી તો નિર્દોષ છે. અમે તમારા છોરૂ કછોરૂ કહેવાય. આ બધો અમારો દોષ છે. અમારા હજારો વાંક ગુના હોય, મુનિ ઉપર રોષ રાખતા નહિ એને હેતથી બાંલાવો.

ચોપાઈ - એવી રીતે વિનંતી કરીને
હળવેથી હસાવ્યા હરિને
સ્નેહ કરી સ્વામીને બોલાવ્યા
ત્યારે રોમે રૂધીર સમાવ્યા.

આવી રીતે સ્વામીને મહારાજમાં અપાર સ્નેહ હતો. જેનું વર્ણન થઈ શકે એમ નથી. આવા મહાન સંતો હાલારની પવિત્ર ભૂમિ ઉપર પ્રગટ્યાને મહારાજ સાથે સ્નેહની સરવાણી એવી વહેવડાવી જે આજ સુધી હાલારના હરિભક્તો ને મહારાજની નિષ્ઠા ને આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજથી લઈને વર્તમાન નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ સાથે અપાર સ્નેહ છે.

જીરાગઢ (હાલાર) રજત જયંતી ઉત્સવ પ્રસંગે પૂ.આચાર્ય મહારાજશ્રી એ પોતાના હૃદયના ઉદ્‌ગારો રેલાવ્યાને બોલ્યા, **કે હાલારતો અમારૂ હૃદય છે તેને સાચવજો. સોનાના દોરા જેવો હાલારનો સત્સંગ છે. જે ત્રણે ઋતુમાં સરખોજ રહે છે.** ને સ.ગુ વૈરાગ્ય મૂર્તિ શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યુ છે કે

ચોપાઈ - હવે ભક્ત હાલારના,
વળી કહું કચ્છ સમેત શુધ્ધ મને જે
સાંભળે,
તેને થાય હરિમાં હેત,
મીઠા બોલાને મોબતી,
હૈયે હેત અપરંપાર પ્રીત પ્રગટ પ્રભુશું,
કરૂ તેના નામ ઉચ્ચાર.'

ષષ્ઠિ પૂર્તિ મહોત્સવ અંગે માહિતી મેળવવા ઈ-મેઈલ એડ્રેસ



જે હરિભક્તો વિદેશથી પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ષષ્ઠિ પૂર્તિ મહોત્સવમાં ઉપસ્થિત રહેવાના હોય તેમણે ઉપરોક્ત એડ્રેસ પર અગાઉ જાણ કરવા વિનંતી.જેનાથી આપની યોગ્ય વ્યવસ્થા ગોઠવી શકાય.

Snndmandir@india.com of
Tashnndym@hotmail.com
વેબસાઈટ : www.swaminarayan.info
ઈમેઈલ : snndmandir@india.com

પંચ વર્તમાન (સર્વે સત્સંગીઓ માટે)

નવ પ્રસ્થાપિત સ્વામિનારાયણ સંપ્રદાયના સુચારુ વિકાસ માટે શ્રીજી મહારાજ અને પરમહંસોએ અથાગ પરિશ્રમ પૂર્વક ઉપયુક્ત અનુયાયીઓને દીક્ષા આપી. અનુયાયીઓની સંખ્યા દિન પ્રતિદિન વધતી ચાલી અને સંપ્રદાયનો ચતુર્મુખ વિકાસ થયો. સત્સંગીઓના અતિ વિશાળ સમૂહમાં ગુણવત્તાનું ઉચ્ચ ધોરણ પ્રવર્તે તે અર્થે શ્રીહરિએ કેટલાંક નિયમો અને આદેશોનો ઉમેરો કર્યો. આ શિરમોર નિયમો - વ્રત - સત્સંગીના જીવનનું શોધન કરવા સાથે પરમગતિના પથ પર સત્સંગીની જીવનયાત્રા ને શુદ્ધ અને સુગમ બનાવે છે. સત્સંગીના નૈતિક જીવનના ઉર્ધ્વીકરણ માટે શ્રીહરિએ પાંચ મહાવ્રત પ્રત્યેક સત્સંગીને માટે અનિવાર્ય બનાવ્યા. આ પાંચ મહાવ્રત સંપ્રદાયમાં 'પંચ વર્તમાન' તરીકે જાણીતા છે. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી કે સંપ્રદાયના સંત દ્વારા સત્સંગી તરીકેની દીક્ષા અપાતા આ પંચ વર્તમાન નું ચુસ્ત પાલન હરિભક્ત માટે અનિવાર્ય બની રહે છે.

(૧) **માંસાહારનો સંપૂર્ણ ત્યાગ :** શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સત્સંગીથી કોઈ પણ સંજોગોમાં, કોઈપણ સમયે કોઈ પણ પ્રકારનો માંસાહાર થઈ શકે નહીં. શ્રીહરિના સત્સંગી દેવી દેવતાના પ્રસાદ કે યજ્ઞ દેવતાને હોમાયેલી સામગ્રી રૂપે પણ આ પ્રકારના આમિષ દ્રવ્યો ગ્રહણ કરશે નહીં. ઔષધ કે ઉપચાર સામગ્રી રૂપે પણ માંસનું સેવન વર્જ્ય છે. જીવન રક્ષક તત્ત્વ તરીકે પણ માંસ લઈ શકાશે નહીં.

(૨) **શરાબ અને નશાકારી દ્રવ્યોનો સંપૂર્ણ ત્યાગ :** શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સત્સંગીથી કોઈપણ પ્રકારના નશાકારક પીણા, શરાબ કે અન્ય કેફી દ્રવ્યનું સેવન થઈ શકે નહીં. ઔષધ કે જીવન રક્ષક ઉપચાર તરીકે પણ કેફી દ્રવ્યોનું સેવન કરી શકાશે નહીં. ધુમ્રપાન અને તમાકુ ચાવવી વર્જ્ય છે. ભાંગ, ગાંજા અને અફીણ પણ આ કેફી દ્રવ્યોમાં સમાવિષ્ટ છે.

(૩) અયોગ્ય વ્યક્તિ પાસેથી કે અયોગ્ય રસ્તે કે અયોગ્ય સાધન થકી અન્ન-જળ પ્રાપ્ત કરવા નહીં. પ્રત્યેક સત્સંગીએ વ્યક્તિ, સંજોગ અને સાધન ના ઔચિત્ય ને બરાબર ચકાસીને અન્ન-જળ ગ્રહણ કરવા. અસ્વચ્છ અને અશુદ્ધ વ્યક્તિ, ગલ્લા, નાસ્તાઘર કે વીશી દ્વારા વિતરણ કરાતી અશુદ્ધ સામગ્રી ગ્રહણ કરવી નહીં. નાસ્તાઘર અને વીશીના ખાનપાન સ્વીકારવાની સત્સંગીઓ માટે મનાઈ છે. પ્રદૂષણ નિવારણ અને સ્વાસ્થ્ય સુરક્ષા માટે આ નિયમ ખૂબ જરૂરી છે.

(૪) **વ્યભિચાર એ મહાપાપ છે :** દરેક સત્સંગીએ કોઈપણ સંજોગોમાં કોઈપણ મહિલા પ્રતિ વિષયેષણા થકી દ્રષ્ટિપાત કરવાનો નથી. સત્સંગીએ યુવતિઓ જોડે નજદીકનો સંબંધ સ્થાપવાનો નથી. નજદીકનું સગપણ ન હોય તે સંજોગો નજદીક નો સંપર્ક વર્જ્ય છે. ઉમંર લાયક પુત્રી, બહેન કે માતા સાથે એકાંત માં મળવું સત્સંગીને માટે વર્જ્ય છે.

(૫) શ્રી સ્વામિનારાયણ ભગવાનના અનુયાયીએ ચોરી અને લૂંટથી દૂર રહેવું. દેવની પૂજા આરતીના દ્રવ્ય રૂપ પુષ્પ-પત્ર પણ માલિકની પૂર્વાનુમતિ સિવાય ગ્રહણ કરવા નહીં. જીવ બચાવવાના ભાવના તળે પણ ચોરી-ચખારી વર્જ્ય છે.

આ પંચવર્તમાન પ્રત્યેક સત્સંગી માટે અનિવાર્ય છે. છ વર્ષથી ઉપરની વયના બાળકથી શરૂ કરીને આબાલ-વૃદ્ધ સહુને સમાનરૂપે આ નિયમો લાગુ પડે છે. છ વર્ષથી નાનેરા બાળકો, અતિવૃદ્ધ સત્સંગીઓ અને અતિ રૂગ્ણ હરિભક્તો સમય સંજોગને આધીન મર્યાદિત છૂટ ભોગવી શકે છે. આસમાની-સુલતાની અને વિષળકાળ દરમ્યાન સંજોગો પ્રમાણે છૂટછાટ મૂકી શકાય.

પંચ વર્તમાન ધારણ કરનાર સત્સંગી આજીવન સુખપૂર્વક રહે છે અને ક્ષણભંગુર જીવનને અંતે મહાસુખ ભોગવે છે. ભગવાન શ્રીહરિનો રાજીપો મેળવીને આ લોકમાં સુખ સમૃદ્ધિ પામશે અને અક્ષરધામનું મહાસુખ મેળવશે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના નિષ્ઠાવાન સત્સંગીએ દૃઢતાપૂર્વક પંચ વર્તમાનનું પાલન કરવું. પંચવર્તમાનનું પાલન કરવાથી સ્વાસ્થ્ય, પ્રતિષ્ઠા, સમૃદ્ધિ અને પ્રબળ નિશ્ચય શક્તિ પ્રાપ્ત થશે. શ્રી સ્વામિનારાયણ ભગવાનના મહાધામનો માર્ગ એટલે પંચ વર્તમાન.

યુવાચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીના મુખની અમૃતવાણી



- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

પ.પૂ. લાલજી ૧૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું પ્રાકટ્ય સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના સાતમા વંશજ તરીકે દશેરાના શુભ પર્વના દિવસે થયેલું છે. દશેરાનો દિવસ એટલે વિજયનો દિવસ ! રાવણ પર શ્રીરામનો વિજય. આસુરી શક્તિ પર દૈવી શક્તિનો વિજય ! જેમ શ્રીજી મહારાજના યોગમાં આવીને પાપના પહાડ જેવા આસુરીજનો પણ પરમ વંદનીય ભક્તરાજ બની જતા, તેમ આ કળિકાળમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના યોગમાં આવીને આજે સમાજના મુમુક્ષુ યુવાનો નિર્વ્યસની બની, કામ, ક્રોધ, લોભ, ઈર્ષા, માન, અહંકાર જેવા મહા બળવાન અંતઃશત્રુઓ પર વિજય મેળવી પરમ ભગવદીય એકાંતિક સત્સંગી બની જાય છે. એટલું જ નહીં, પરંતુ પ.પૂ. લાલજી મહારાજ શ્રીએ આ યુવાનોને એવું ઘેલું લગાડ્યું છે કે પોતાના વિસ્તાર સિવાય અન્ય કોઈપણ દૂરના વિસ્તારમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની સત્સંગ સભા હોય કે દૂર છપૈયા જેવા તીર્થભૂમિના સ્થળે સત્સંગ શિબિર હોય ત્યાં દરેક સ્થળે આવા યુવાનો વાહનો દ્વારા સત્સંગનું દિવ્ય સુખ લેવા તથા લાલજી મહારાજશ્રીના દર્શન, આશીર્વાદ, રાજીપો પ્રાપ્ત કરવા અચૂક પહોંચી જાય છે. વળી પૂ. લાલજી મહારાજશ્રી તથા સંતો દ્વારા પ્રેરિત સત્સંગની હરકોઈ પ્રકારની સેવા કરવા ખડેપગે તૈયાર ! ન થાક, ન ફરિયાદ, ન માન મેળવવાની ઇચ્છા ! ફક્ત શ્રીજી મહારાજ, પૂ. મહારાજશ્રી, પૂ. લાલજી મહારાજશ્રી તથા સંતો કેમ રાજી થાય એ જ ભાવ ! પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી આજે દેશ-વિદેશમાં શ્રીનરનારાયણ દેવ યુવક મંડળ દ્વારા નાની-મોટી અસંખ્ય સત્સંગ સભાઓનું નિયમિત આયોજન થઈ રહ્યું છે. આવી સભાઓમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી પોતાના સાંનિધ્યનું સુખ આપવા તથા સભાજનોને પોતાના આર્શીવચન રૂપી અમૃતવાણીનો દિવ્ય લાભ આપવા હર હંમેશ તત્પર હોય છે.

તા. ૧૧-૧-૨૦૦૪ ના રોજ એપ્રોચ (બાપુનગર) મંદિરે ષષ્ઠિપૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં આયોજિત એક સત્સંગ સભામાં ભાવિ નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું આર્શીવચન મેં લખી લીધેલું. જે સત્સંગ લાભાર્થે અત્રે શ્રી સ્વામિનારાયણ અંકના માધ્યમથી પ્રસ્તુત કરું છું.

લૂંટફાટ, મારફાટ વગેરે જેનો ધંધો હતો. સંતોની વાતોમાં આ વાત આવે છે. તે એકવાર તલવારની ધાર કઢાવવા ગયો. ધાર કઢાવવા ચારઆના આપ્યા. મનમાં થયું કે લાવ તપાસ કરી લઉ કે ધાર બરાબર છે કે નહિ ? બહાર નીકળ્યો અમુક કોમના લોકો સામા મળ્યા. ૪-૫ માણસોના ગળા ફટાફટ કાપી નાખ્યા ! ફક્ત તલવારની ધાર ચેક કરવા ! આવો માણસ મહારાજના જોગમાં આવ્યો. દર્શન કર્યા. સત્સંગી થયો. નામ એનું વીરા ભગત. પછી એક સમયે મહારાજે વીરા ભગતને કહ્યું દાતણ કરવા કોઈના ખેતરમાંથી બાવળનું દાતણ લઈ આવો. વીરા ભગતે દાતણ કાપી ધોઈ સાફ કરી મહારાજને અર્પણ કર્યું. મહારાજે કહ્યું ભગત ! દાતણ ક્યાંથી લાવ્યા ? ખેતરમાંથી સારું કુણું જોઈ આપના માટે લાવ્યો છું. ખેતરમાં વાડ હશે ને ? તેના માલિકને પૂછ્યુ ? આખી જીંદગી પૂછયા વિના જ મારી લાવ્યા હોય પછી પૂછવાનું ક્યાં રહ્યું ? જાવ પૂછી આવો, ભગત ગામમાં ગયા ખેતર માલિકને શોધી હાથ જોડીને કહ્યું, તમારા ખેતરમાંથી બાવળનું દાતણ કાપી ને લઈ ગયો છું. ખેતર માલિક કહે, તમે કોણ છો ? આ તો કિંમત વિનાની વાત છે. આવા કામમાં શું

પૂછવાનું હોય ? ભગતે નામ દીધુ ખેતર માલિક ધ્રુજવા માંડ્યો ! કારણ કે એનું નામ હતું ! ધાક હતી ! ખેતર જોઈએ તો લઈ જાવ પણ મારો જીવ છોડો. ભગતે તો દંડવત કર્યા. માફી માંગી કહે આ ભૂલ થઈ ગઈ. હું તો માફી માંગવા આવ્યો છું. જે ૨-૪ કે ૮ આના માટે લોકોના ગળા કાપતો ! કેવો ભયંકર સ્વભાવ હતો. કેવી કરુણા કરી મહારાજે કે આવો સ્વભાવ પરિવર્તિત કરી દીધો ! એ માણસનો જીવ બળિયો કહેવાય ! મહારાજ તો ચમત્કાર કરે એ બહુ મોટી વાત નથી કારણ કે એ તો ભગવાન કહેવાય ! અનેક જગતની ઉત્પતિ, સ્થિતિ, લય કરે ! મોટો ચમત્કાર તો ભગતનો કહેવાય કે ભગવાનના બળે કરીને સ્વભાવ પરિવર્તિત કરવાની આવી ક્ષમતા આવી. સ્વભાવને પરિવર્તત કરવા અઘરા છે. કોણ કરી શકે ? જે સાચો શૂરવીર હોય, મર્દાનગી હોય, તાકાત હોય, સત્સંગ માટે ઘસાવાની, ટુક ટુક થઈ જવાની તૈયારી હોય તેને સાચો ભગત કહેવાય.

એ તો હવે ક્રેડિટ થઈ છે. કંઠી, તિલક ચાંદલો જોઈને તમને કોઈ ઉધાર આપવા તૈયાર થઈ જાય. બાકી પહેલા તો આપણે જેના ગાણા ગાઈએ છીએ તે સંતોને ગામની બહાર કાઢી મુકતા. ગાળો બોલતા, ઢેખાળા મારતા, બાવાઓ આપણા સંતોના નાક કાન કાપવા તૈયાર થયેલા, છતાં નંદ સંતોએ સહન કર્યુ પરિશ્રમ કર્યો છે. ત્યારે આટલી ક્રેડિટ થઈ છે. ત્યારે આપણે અત્યારે સુખી છીએ. આવું ધ્યાન રાખવું જાણપણું રાખવાનું છે. તો જ આનંદ આવે. મોકો મળ્યો છે ! આવા ઉત્સવ મળ્યા છે, એનો ગર્વ હોય, સભાનાવસ્થા હોય ત્યારે અતિશય ભાવ થાય છે. શાકોત્સવ હોય કે ધનુર્માસ. આવા ઉત્સવોમાં વિશેષ કરીને સત્સંગની સેવા થાય. કેવળ ધનથી નહિ. માળા કરીએ કે ભજન કરીએ એ કેવળ પોતાના કલ્યાણ માટે કરીએ છીએ. એમાં આપણે કોઈના ઉપર ઉપકાર કરી દેતા નથી. ધનુર્માસની વહેલી સવારે ધૂન કરીએ, કોના માટે ? ભગવાન માટે ? ના સંતો માટે, અમારા માટે, કુટુંબના સભ્યો માટે ? ના એ તો ફક્ત આપણા પોતાની મૂડી છે. જીવના કલ્યાણની વાત છે, ખપ છે, ધામમાં જવું છે તો આટલું કરવું જ પડે. શરીર તથા કુટુંબના નિર્વાહ માટે સાંજ સુધી કુટાવું જ પડે છે. બુધ્ધિ અને અંતઃકરણ પવિત્ર રાખવા માટે ભજન કરવું જ પડે. નહીં તો બધું ભ્રષ્ટ થઈ જાય. ભગવાનની અનેક જીવો ને ઓળખાણ કરાવવી એ માત્ર અમારી અને સંતોની ફરજ નથી બધાની એ ફરજ છે. અનેક જીવોને સત્સંગ કરાવવાનો ખટકો રાખીએ. મહારાજને તો મનવારુ ભરી ભરીને જીવોને ધામમાં લઈ જવા છે.

સુરાખાચરને કેટલી ધગશ હતી ! કાઠીયાવાડી જોડા પહેરેલા ડોસી છાણા થાપતી હતી. તેને કહ્યું ડોસી સ્વામિનારાયણ બોલ ! પણ ડોસી સ્વામિનારાયણ બોલે તેમ નહોતી ! સુરાખાચરે આગળના દિવસના થાપેલા છાણા પર પગ મુકીને છાણા બધા ભાંગી નાખ્યા. ડોસી ખીજાણી કહે, મુઆ તારા સ્વામિનારાયણ ! મારા રોયા ! મારા છાણા ભાંગતા શરમ ન આવી ? સુરાખાચર કહે, બસ મારું કામ થઈ ગયું. તું મુખેથી સ્વામિનારાયણ બોલીને ! મહારાજ કહે, સુરાખાચર ! ડોસીનું કલ્યાણ આ સંતોની સાથે કરીશું જાવ ! સુરાખાચર તો કૂદવા લાગ્યા !

આપણે શાકોત્સવ કરીએ છીએ. તેમાં ફક્ત સત્સંગીઓ જમવા નથી આવતા. બિનસત્સંગીઓ પણ ઘણાં પ્રસાદી લેવા આવે છે. તેને થોડો પણ સત્સંગનો ગુણ આવે તેના માટે જ ઉત્સવો હોય છે. શાકોત્સવની પ્રસાદી પેટમાં પડે તો કોઈ દિવસ એ બોલશે કે સ્વામિનારાયણ મંદિરના શાકોત્સવમાં રીંગણાનું શાક બહું સ્વાદિષ્ટ હતું કે કઢી બહુ સારી હતી. કે રોટલો અથવા છાશ બહુ સારી હતી. કોઈક દહાડો બોલશે. પછી મહારાજ યાદ આવે, મૂર્તિ યાદ આવે તો ધામમાં જવાય. બધું યાદ આવે પણ ભગવાન યાદ ન આવે, અંતકાળે મકાન, દુકાન પેઢી જેમા ઉધાર યાદ આવે તો તકલીફ પડે. માટે આપણે આવા ઉત્સવો વારંવાર કરીએ છીએ તે ભગવાનને યાદ કરવા કરીએ છીએ. પછી તકલીફ ન પડે. સૌ સત્સંગમાં દિવ્ય ભાવ લાવી, અહર્નિશ સમજણ પૂર્વક રહીએ. આપણને જે મળ્યુ છે તે બીજા સુધી પહોચાડીએ તેવી શ્રીનરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના કરી વિરમું છું.



ભજન

- શાસ્ત્રી ઘનશ્યામપ્રકાશદાસ
(મહંતશ્રી નારાયણઘાટ)

ભગવાન સ્વામિનારાયણની સ્વાભાવિક ચેષ્ટામા ગવાતુ આવ્યું છે કે "કંઈક માળા તોડે વાતો કરે રે... એ પંક્તિઓ શ્રીહરિની રોજબરોજની દિનચર્યામાં વણાઈ ગયેલી તાદશ્યતા હતી. સવાર બપોર, સાંજ કે મોડી રાત્રે કથા પારાયણો જ્ઞાન ગોષ્ઠિ કે કીર્તન ભક્તિની રમઝટ ચાલતી હોય એમાં ક્યારેય પણ શ્રીહરિના હાથ ખાલી જોવા મળતા નહિ. કથા વિષય ગમે તે ચાલતો હોય. પરંતુ શ્રીહરિના હસ્ત કમળમાં શોભાયમાન ફુમકાવાળી માળાના મણકાતો અવિરત ફરતા રહેતા. આ જોઈને વિચક્ષણ સંતોએ મહારાજને પૂછેલું પણ ખરું - શું કૃપાનાથ ! અમો સૌ આપના આશ્રિતો છીએ, રાત દિવસ જેવું બને તેવું આપનું ધ્યાન, ભજન કરીએ છીએ પરંતુ સર્વોપરિ અને અવતારી એવા હે મહા પ્રભુ આપશ્રી અહોરાત્રી કોના નામની માળા ફેરવો છો ? પ્રશ્ન સાંભળતા જ મહારાજને પણ હસ્યા વિના રહેવાયું નહિ. આનંદિત મુદ્રામાં બોલ્યા. તમે ખરો પ્રશ્ન પૂછ્યો. એમ કહી એક સાખી બોલ્યા. **"ભજતાને ભજે નહિ જે વચન દ્રોહી ગુરુદ્રોહી તે"** એટલે કે જે અમારું ખરેખર ભજન કરે છે તેને જો અમે સંભારી એ નહિ તો અમે પણ ગુરુદ્રોહી અને વચન દ્રોહી કહેવાઈએ. માટે અમારી માળાના માણેક એવા ભજનાનંદી ભક્તોની સ્મૃતિઓ તરવરતી રહી છે.

મહારાજની માળાના મણકામાં આવવા શ્રીહરિની સ્મૃતિમાં ચમકવા ઉપરાંત ટેલીપથી જેવા આધુનિક કોમ્યુનિકેશનની પણ પ્રબળ ગરજ સારે એવા ભગવદ્ ભજનો અદ્‌ભૂત પ્રસંગો સર્જે છે.

ભોયરા ગામના આસુરી મતિવાળા વાસુરખાચરે ફરમાન કરી દીધું કે હે નાજા જોગીયા, કાલ સવાર સુધીમાં તારા ભગવાન સ્વામિનારાયણ અહીં આવી ને તારી રક્ષા નહિ કરે તો સૂર્યની પહેલી કિરણ ફુટતા તારા બન્ને ઢીંચણો ભાંગી નાખવામાં આવશે. એમ કહી તેને જેલમાં પુરી દેવામાં આવ્યો. મહારાજ તો એ સમયે

વિસનગર હતા. બન્ને ગામો વચ્ચે એટલું અંતર હતુ કે રાતોરાત સંદેશો મોકલવો પણ શક્ય ન હતો. એ તો જેલની કોટડીમાં સપડાયેલા ભક્તરાજ નાજા જોગીયા એ ભજનનો આશરો લીધો ! સોહામણી મૂર્તિની સ્મૃતિએ સહિત ભજનની એવી તો કકડાટી બોલાવી કે મહારાજ અને માણકી પવન વેગે એવા તો ખેંચાયા કે પો ફાટતા પહેલા વાસુરખાચરને મળીને દર્શન, વાતો અને પ્રેમાળ સ્પર્શ પરિવર્તન કરાવી પ્રભાતના પહેલા કિરણ ઊગતા ઊગતા જેલના દ્વાર ખોલાવી વછનાગ ઝેર જેવા આસુરને દૈવીમાં રૂપાંતરીત કરી તેના જ હાથે રાત ભર ભજન કરનાર ભક્તરાજ નાજા જોગીયાને બંધનોમાંથી મુક્ત કરાવ્યા !!!

ધંધામાં ખૂબ ખોટ જતા દેવું ન ભરવાથી ખેડાની જેલમાં પુરાયેલા બોચાસણ ગામના ભકતરાજ કાશીદાસે સ્નાન પૂજા કર્યા વિના જેલમાં પણ અન્ન જળ નહિ લેવાની ટેક અડગ રાખી ત્યારે જેલના સત્તાવાળા ઓએ તેઓના બન્ને હાથે જાડા દોરડાઓ બાંધી ખેડાની વાત્રક નદીમાં સ્નાન કરાવવા આ ભક્તરાજને લઇ ગયા ! શ્રીહરિની મૂર્તિમાં વૃત્તિઓને લીન કરી ભક્તે ભજનનો દોર દૃઢપણે બાંધી પાણીમાં ડુબકી મારી કે ઘડી બે ઘડીમાં જમાદારોના હાથમાં ખાલી દોરડા પાછા આવ્યા ! અને ભકતરાજ કાશીદાસે પાણી ઉપર આવીને જોયુ ત્યાં તો પોતે ગઢપુરની ઘેલા નદીના કાંઠે પહોચી ગયેલા !એજ ભજનના તાલે નાચતા-કુદતા મંદિર તરફ દોડ્યા ત્યાં તો મલકાતા સ્વંય શ્રી હરિ સામા આવીને બોલ્યા "આવો ભક્તરાજ ! હવે અમારી સાથે રહીને ભજન કરો. બધું સારૂ થઈ જશે. અને છ મહિના પ્રત્યક્ષ મૂર્તિની હુંફમાં રહી એવું ભજન કર્યુ કે આ લોક રહી એવું ભજન કર્યુ કે આ તથા પરલોક બન્નેના બંધનો છુટી ગયા !

ઓરડીમાં પુરાયેલા બ્રહ્માનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામી પોતાના નાક, કાન, કાપવા માટે પોતાની આંખો સામે હજામને ઉગારવાનો ઊપાય બન્ને મહાનુભાવો વિચારવા લાગ્યા અને અંતે તેઓને પણ આ એકજ ભજનરૂપી અમોઘશાસ્ત્ર હાથમાં આવ્યું અને એ ઉપાય અજમાવતા ભજનના જોરે ગામના મુખીમાં ભગવાને પ્રવેશ કરી એ બંન્ને મહાપુરુષોને આવી પડેલા સંકટોમાંથી ઉગારી લીધા !


માનકુવા ગામમાં મુળજી અને કૃષ્ણજી બન્ને એ ત્યાગી થવા માટે મહારાજ પાસે દુરાગ્રહ કરી હઠ પકડી. મહારાજે તેઓની કૌટુંબિક પરિસ્થિતિ જોઇ ત્યાગી થવા માટે ના પાડી ઘેર જઇને ગૃહસ્થાશ્રમમાં રહી સેવા ભક્તિ કરવા આદેશ આપ્યો. પરંતુ આ બંન્ને ભાઇઓને હવે સંસારની ગંધ સુધ્ધા અસહ્ય થઇ ગઇ હતી એટલે ત્યાગી થવાનો હઠાગ્રહ ચાલુ રાખ્યો જેથી મહારાજે અપમાનીત કરી ગઢપુર મંદિરમાંથી બંન્ને ને કાઢી મુક્યા. મુળજી અને કૃષ્ણજી ઘેલા નદીના સામે કિનારે આવીને બેઠા. તેઓને હવે માત્ર ભજનનો જ આશરો હતો, બે રાત્રી અને ત્રણ દિવસ સુધી અન્ન જળને વિસારે પાડી એકધારી ભજનની ધુણી ધખાવી. પરિણામે અક્ષર ઓરડીમાં પોઢેલા શ્રી હરિના ઢોલીયા એ તરફ ખેંચાયા ! મહારાજે પણ કસોટીના આકરા ચઢાણ આરંભ્યા ને ભક્તો પાસે તેમના પર પથ્થરાનો મારો ચલાવ્યો, પરંતુ સાધુતાના આંગણે આવેલા આ બંન્ને ધીર ગંભીર પુરુષો એ માત્ર ધૂન-ભજનની બધડાટીથી જ તેનો પ્રતિકાર કર્યો. ઇતિહાસમાં બનતું આવ્યું છે. એમ જ આ યુધ્ધમાં પણ અંતે ભગવાનને જ હારવું પડ્યુ ! બંન્ને ભક્તોનાં ભજનને વશ થઇ પાછા મંદિરમાં બોલાવ્યા પીઠ થાબડીને શાબાશી આપી અને બંન્નેની ઇચ્છા મુજબ ત્યાગાશ્રમની દીક્ષા આપી.

જેતપુરના જીવા જોષીના દીકરી મોટા રામબાઇને સાસરીયામાં સત્સંગના અસાધારણ દ્વેષનો સામનો કરવો પડતો હતો. વિષય અને વળી વહેમીલા તથા સ્વભાવથી સભર ભરેલા રહેતા, ક્રોધમાં સદા કાળઝાળ રહેતા, સાસરીયાઓ વચ્ચે આ ગરીબડી ભીરૂ દીકરી રામબાઇ ભગવાનના સહારે બધું સહન કરી લેતા હતા. તેનો ધણી ખાટલાનો એક પાયો રામબાઇની છાતી પર મુકી તે પર આખી રાત સૂઇ રહેતો, આવા અસહ્ય ત્રાસમાં કણસતા કણસતા પણ આ વિપ્ર સત્સંગી દીકરીએ ભજનનો દોર તૂટવા દીધો નહીં.

વરસો સુધી કોઇને પણ ફરિયાદ

કર્યા વિના કે દુઃખ અને દર્દનો પ્રતિકાર સુધ્ધા કર્યા વગર મહારાજની મરજીમ અનેકવિધ કષ્ટોને સ્વીકારીને મા ભજન અને ભજન જ કરે રાખ્યુ. અં એક દિવસ નદીએ પાણી ભરવા ગ ત્યાં જળ વચ્ચે જ જગદિશ્વરે દેખ દીધા ! છોગલા ધારી મનોહર મૂ જોઇ રામબાઇ આનંદ વિભોર બ પુલકીત હૃદયે બે હાથ જોડી પ્રાર્થ કરવા લાગ્યા ! મહારાજે પોતાના પા આવવા અંગુલી નિર્દેશ કર્યો રામબાઇએ ભજનના સથવા પાણીમાં પગ મુક્યો ત્યાં તો અદ્‌ભુ ચમત્કાર સર્જાયો ! જળ નિધિએ મા દીધોને પાણીમાં કેડી કંડારાઇ ગઇ . ધીરે ધીરે રામબાઇ મહારાજ તરફ આવતાં ગયા અને મહારાજ પાછા પગલે દૂર દૂર દોરી ગયા, એમને એમ સામો કાંઠો આવી ગયો ‘ત્યાં તો મહારાજ અદ્રશ્ય થઇ ગયા ! અને જુએ છે તો એક સત્સંગી પટેલ ગાડુ લઇને ઊભા છે. તેઓ એ બે હાથ જોડી વિનમ્ર ભાવે પૂછ્યુ “બેન,તમે રામબાઇ છો ને ? મહારાજે તમને ગઢડેથી તેડવા મોકલ્યો છે. અને રામબાઇએ ગાડામાં બેસી ભગવાનના માર્ગે મહાભિનિષ્ક્રમણ કર્યુ ! ગઢડે આવ્યા અને જીવનભર ભજનમાં આયખુ ઓગાળતા રહ્યા !

સારંગપુર ગામની બગલમાં આવેલા કુંડળ ગામમાં મધરાતનો વાસર વીતી ગયો હશે ! ભક્તરાજ અમરાપટગર શિયાળાની ઠંડીમાં ઠીહુરતા ઠીહુરતા લઘુશંકા કરીને ખાટલા તરફ પાછા ફરતા હતા ત્યાં



ડેલાની સાંકળ ખખડી, અડધી રાતે કોણ આવ્યું હશે ? તે વિચારતા હે મહારાજ... સ્વામિનારાયણ..... સ્વામિનારાયણ એમ ભજનના સહારે ખડકી ઊઘાડીને જોયું તો !!! વાલા વનમાળી મરક મરક હસતા ઊભેલા જોયા ! અમરા ભક્તના મોઢેથી સ્હેજે જ પૂછાઇ ગયું, અરે “મહારાજ આપ અત્યારે અહીં?” મહારાજે ડેલીમાં પ્રવેશવા પગ મુકતા કહ્યું કેમ, તમે ક્યારના મંડ્યાતા ને સ્વામિનારાયણ ..... સ્વામિનારાયણ !!! અરે મહારાજ અમારે તો ભજન કરવાના હેવા પડ્યાં અને ભજન થાય ત્યાં આવવાના અમારે પણ હેવા પડ્યા છે. ભગત આજે અમે તમને પ્રતિતિ કરાવવા પ્રત્યક્ષ દર્શન આપ્યા. પણ જ્યાં જ્યાં ભજન થાય છે ત્યાં સર્વે ઠેકાણે અમે હાજરા હજુર રહીએ છીએ.” હે ભક્તો આપણે સૌ છતે દેહે સર્વોપરિ ભગવાન સ્વામિનારાયણ નો સાક્ષાત્ સંબંધ અને આશરો પામીને કેવા ન્યાલોન્યાલ થઇ બેઠા છીએ. હવે ઝાઝું કરવું કાંઇ રહ્યું નથી ! પરમની પ્રાપ્તિએ કરીને કૃતાર્થ છીએ. માટે શીદને રહીએ કંગાલ. હવે તો તેના ભજને ભરી દઇએ ભંડાર. **વ્યર્થ ઠાલો ન નૈતવ્યો ભક્તિ ભગવતો વિના.** ખરેખર આપણી એક એક પળજાય લાખની ! એક એક શ્વાસ ઉચ્છવાસ અને મુખમાંથી નીકળતો એક એક શબ્દ ગ્રામ્યવાર્તા કે વ્યર્થ ગપ્પામાં વેડફી ન દેતા આપણે પણ એવા ભજનના હેવા નો પાડી શકીએ ? તો આવો પ્રતિજ્ઞા બધ્ધ દૃઢ સંકલ્પ કરીએ કે હાલતા, ચાલતા, ખાતા, પીતા સર્વ ક્રિયામાં ભજને ભીંજાયેલા જ રહીએ.



દીર્ઘાયુષી બનો

-પ્રો. મહાદેવ ધોરિયાણી (રાજકોટ)

વૃદ્ધાવસ્થા આશીર્વાદ કે અભિશાપ ? વિક્ટર હ્યુગો કહે છે : "પચાસ વર્ષની વય એ વૃધ્ધાવસ્થાની યુવાની છે." વૃધ્ધાવસ્થાના મોટા ભાગના લક્ષણ આળસુપણામાંથી જન્મે છે. આપણો સારોય સમાજ એવી રીતે ટેવાઈ ગયો છે કે માણસ ચાલીસની ઉંમરે પહોંતે કે તરત જ તે વૃધ્ધાવસ્થા તરફ જઈ રહ્યો છે એમ માની લેવામાં આવે છે, અને સાંઠ વર્ષની વયે પહોંચે ત્યારે તેને નિવૃત કરી દઈને મોતની રાહ જોતો કરી દેવામાં આવે છે.માટે કદી નિવૃત ન થાઓ. પ્રવૃત્તિ બદલો, શક્તિ આપોઆપ સંચિત થશે. મનપસંદ પ્રવૃત્તિમાં મન-શરીરને રોકો. તમારામાં રહેલી શક્તિઓનું મૂલ્યાંકન ઓછું ન આંકો.

તમે સ્વસ્થ છો, તમે સુખી છો, તમારે કોઈ વાતની કમી નથી એવો ભાવ કેળવો. હતાશાને હટાવો, ચિંતાનો કોઈ વાતનો ડર ન રાખો. બધું જ ઈશ્વરને સોંપી દો. કામ, ક્રોધ, વાસનાને દબાવવાને બદલે સમજો અને એ રીતે તેનું અતિક્રમણ કરતા જાઓ. ધ્યાન એ એક અંતરયાત્રા છે, એ મનનું સ્થાન છે. ધ્યાનમાં ઊતરતા જાઓ અને શક્તિઓનું ઊર્ધ્વીકરણ કરો. મૌનનો મહિમા સમજીને બિનજરૂરી ગપ્પાને બદલે મૌનમાં બેસો. મનને પ્રસન્ન અને પ્રફુલીત રાખો. તમારા હૃદયને ઉત્સાહ અને ઉમંગથી ભરેલું રાખો. તમારા મનમાંથી નમાલા નબળા વિચારો દૂર કરો અને સર્જનાત્મક પ્રવૃત્તિ કરો.

"હવે હું વૃધ્ધ થયો છું" એવા શબ્દો તમારા હોઠ પર આણશો નહિ. જીવન પ્રત્યે વિધેયાત્મક વલણ દાખવો. ચિંતા, વ્યગ્રતાથી હંમેશા દૂર રહો. તમે નોકરી કે ધંધામાંથી નિવૃત થયા હો તો ભલે, જીવનમાંથી નિવૃત થશો નહિ, બહુ સંવેદનશીલ બનશો નહિ, પ્રત્યેક પ્રવૃતિ બીજાઓથી જુદી રીતે કરો, નવા મિત્રો કરો, નવા અનુભવો મેળવો, વાચન અને અનુભવમાં વિવિધતા આણો. જુની ઘરેડ-રૂઢિમાંથી મુક્ત થાઓ. ખૂબ હસો, સામાન્ય બાબતમાં પણ મજા માણો. જૂનવાણી અને જૂની ફેશનના કપડા ન પહેરો. લઘરવઘર ન રહો. નવી ફેશનના અધતન રંગીન કપડા પહેરો. પૂરતો આરામ લો, સારી નિંદર લો, નવા શોખ કેળવો, અન્યના શોખમાં પણ રસ લો. ચાલવાનું પસંદ કરો. લાંબી ડાંફો ભરીને ચાલો.

તમારી જાતને તમે ઊતરતી ન ગણો. લઘુતા ગ્રંથિથી દૂર રહો. તમારી શારીરિક કે માનસિક નબળાઈથી સંકોચ ન પામો, શરમાળ ન બનો. "भाजनान्ते पिबेत तक्रं, ब्रह्मा अपि दुर्लभम् ।" બ્રહ્માને પણ દુર્લભ એવી છાશ ભોજનને અંતે પીવો. નિત્ય તાજી છાશ પીનારને વૃધ્ધાવસ્થા મોડી આવે છે. ચહેરા તથા શરીરની ત્વચા પર કરચલીઓ પડતી નથી અને કરચલીઓ પડી હોય તો તે દૂર થાય છે. છાશ એ તો મૃત્યુલોકનું અમૃત છે. તલના તેલથી નિત્ય નિયમિત માલીશ કરનારને વૃધ્ધત્વ સ્પર્શતું નથી. તમારી વયમાં થતા વધારા સાથે વિટામીનો લેવાનું વધારો. ઘડપણની માનસિક અસર તો સામાન્ય રીતે એંસી વર્ષની વય પહેલા થતી નથી. વય વધવાની સાથે માણસની તર્કશક્તિ અને વિચારશક્તિ ઘટતી નથી. જો તમારો શયનખંડ બરાબર ન હોય તો ઘરના બધા જ ખંડો નકામા છે.

"Think right, Eat right, Exercise right, Live right.... Look letter, Feel letter, Live letter."

"ચાલવું એ સારામાં સારી કસરત છે." પચાસ વર્ષ પછી આ સૂચન સોનાનું છે. મન સ્વસ્થ રહે છે, તનાવ ઘટે છે, થાક જલદી લાગતો નથી, ઊંઘ સારી આવે છે. ચાલવાનો વ્યાયામ કરનારે પૂરતા પ્રમાણમાં પ્રવાહી લેવું જરૂરી છે. ટૂંકમાં લાંબું જીવવા માટે ચાલવાનું રાખો અને મોજથી જીવો. સદા પ્રસન્ન રહો. નિયમિત સાદુંજીવન જીવો તો દીર્ઘજીવનરૂપી અમૃતફળ આપની હથેળીમાં છે. વ્યસનનો અર્થ જ દુઃખ! આનંદી મિજાજ એ સફળતાનો આત્મા છે. 'હાસ્ય' એ તંદુરસ્તીનું ઉત્તમ ઔષધ છે.

યુવાવસ્થામાં કરેલ આહાર-વિહારનો અતિરેક એ જ તમારી વૃધ્ધાવસ્થા છે. તમારા મનની ગુલામીએ તમને વૃદ્ધ બનાવેલ છે. યોગ્ય વિચારોના નિદિધ્યાસનથી તથા આહાર-વિહાર અને ઔષધોના સુભગ સંયોજનથી વૃધ્ધત્વ અટકાવી શકાય છે. નિર્વ્યસની નીરોગી રહી લાંબું આયુષ્ય સુખે ભોગવે છે. નીરોગીતાનો આધારસ્તંભ સ્વસ્થ મન છે. જ્યારે માણસ જીવનમાંથી નિવૃત થાય છે ત્યારે જીવન એનાથી નિવૃત થાય છે ! આર્કિમીડીસ કહે છેઃ "મને પગ મૂકવાની જગ્યા આપો અને હું પૃથ્વીને ખળભળાવી દઈશ."



ષષ્ઠિ પૂર્તિ મહોત્સવની પૂર્વ સંધ્યાએ

- અતુલ ભાનુભાઈ પોથીવાલા (ન્યુજર્સી)

"જેના સંકલ્પ માત્રથી અનંતકોટિ બ્રહ્માંડોમાં તૃપ્તિ વ્યાપી જાય એ ભગવાન કહે છે કે અમને એક વસ્તુની હંમેશ તૃષ્ણા રહે છે. વચનામૃતમાં પણ શ્રી હરિ કહે છે કે અમોને કાયમ એક ચીજની તૃષ્ણા રહે છે. તે કઇ ? તો કહે છે કે અમને ભજન ભક્તિની હરહંમેશ તૃષ્ણા રહે છે.

અમારુ મીષ લઇને ષષ્ઠિપૂર્તિ મહોત્સવનું જે આયોજન કરેલ છે તે પ્રસંગને લઇને પણ આ રીતે જો ભજન ભક્તિ નિરંતર થતાં રહે તો તેથી રૂડું શું ?

આ અમૃત વાક્યો છે પરમ પૂજ્ય ધર્મધુરંધર આચાર્ય મહારાજશ્રીના.

તા. ૮-૧૦૪ ના રોજ શ્રી સ્વામિનારાયણ બાગ (પૂ. આચાર્ય મહારાજશ્રીના નિવાસસ્થાન) મેમનગરમાં જનમંગલ નામાવલીનું ૬૦ મી સભાનું આયોજન હતુ. ત્યારે સભાની સમાપનમાં પૂ.આચાર્ય મહારાજશ્રી એ ઉપરોક્ત આશીર્વચન પાઠવેલા.

કોઈપણ પ્રસંગ, ઉત્સવ કે મહોત્સવ હોય, તેનો એક હેતુ હોય છે.

આપણા પ.પૂ.ધ.પુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી તેજે-દ્રપ્રસાદજી મહારાજશ્રીને આગામી ચૈત્ર વદ ત્રીજના શુભ દિને સાઠ વર્ષ પૂર્ણ થતા હોવાથી તા.૨-૪-૨૦૦૪ થી તા.૮-૪-૨૦૦૪ સુધી સપ્તદિનાત્મક "ષષ્ઠિ પૂર્તિ મહોત્સવ' ઉજવવાનું આયોજન કરેલ છે.

સંગીતના સાત સૂરોનાં લયબધ્ધ આયોજનથી જેમા સુમધુર હરિ કીર્તન રચાય છે. જેને સાંભળવા માત્રથી જ શ્રી હરિની મનોહર મૂર્તિનો જાણે સાક્ષાત્કાર થાય છે !

કાંઇક એવું જ લયબધ્ધ આયોજન છે આપણા આગામી "ષષ્ઠિ પૂર્તિ મહોત્સવ" સમકનું.

મહોત્સવમાં પારાયણ છે, જ્ઞાનયજ્ઞ છે, મહાવિષ્ણુયજ્ઞ છે. અખંડ પૂજા પણ છે, સાતેય દિવસો દરમ્યાન કોઈ ને કોઈ પ્રકારે શ્રી હરિ પ્રતિ અંતર કેમ ગુંચાયેલું રહે એવું સુંદર આયોજન છે.

ક્યા ક્યા કાર્યક્રમો છે તેની રૂપરેખા મંદિરમાંથી પ્રાપ્ત તો થશે જ, પરંતુ આ ષષ્ઠિ પૂર્તિ મહોત્સવ કેમ ? એ સમજવું ખૂબ જરૂરી છે.

પ્રથમનાં જ વચનામૃતમાં શ્રી હરિ એ આવા મહોત્સવ કેમ વર્ષો વર્ષ ઉજવવા - એનો હેતુ ખૂબ જ સ્પષ્ટપણે સમજાવી દીધો છે.

"તે માટે અમે મોટા મોટા વિષ્ણુયાગ કરીએ છીએ તથા જનમાષ્ટમી અને એકાદશી આદિક વ્રતના વર્ષો વર્ષ ઉત્સવ કરીએ છીએ. ને તેમાં બ્રહ્મચારી, સાધુ, સત્સંગીને ભેળા કરીએ છીએ. અને જો કોઇક પાપી જીવ હોય ને તેને પણ જો એમની અંતઃ કાળે સ્મૃતિ થઈ આવે તો તેને પણ ભગવાનના ધામની પ્રાપ્તિ થાય" (ગ.પ્ર.૩)

આપણા ષષ્ઠિ પૂર્તિ મહોત્સવ નો હેતુ ખૂબ જ સ્પષ્ટ છે. લેખની શરૂઆતમાં દર્શાવેલ પૂ.આચાર્ય મહારાજશ્રીના આશીર્વચનની મહોર આ જ વાતની પુષ્ટિ કરે છે.

એક વસ્તુ હરહંમેશ યાદ રાખીએ કે આપણે અપનાવેલો સત્સંગ એ જ શ્રીહરિ પ્રેરિત મૂળભૂત પ્રણાલિકા ને સાંગોપાંગ અનુસરતો સત્સંગ છે. બીજું, આપણા સૌના હૃદય સિંહાસન

ઉપર વિરાજતા સૌનાં લાડીલા એવા વિદ્યમાન પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના જીવન અને કવન બંન્ને એવા છે જે સાક્ષાત્ શ્રીહરિ ના દાખડાને જાણે મૂર્તિમાન કરી રહ્યા છે.

આવા પૂ. આચાર્ય મહારાજશ્રી પ્રાપ્ત થવા એ જ આપણા સૌના મોટા અહોભાગ્ય છે. અને આવા આચાર્યશ્રીનો ષષ્ઠિ પૂર્તિ મહોત્સવ ઊજવીશું તો તે થકી શ્રીહરિની દિવ્ય સ્મૃતિ અંતરમાં અંકિત થશે એમાં કશોજ સંશય નથી.

શ્રીજી મહારાજે આચાર્યપદની સ્થાપના કરીને મોક્ષનો માર્ગ અતિ સરળ બનાવી દીધો છે.

"જે દિનાં આવ્યાં અયોધ્યાવાસી,
થયું સારું મેં જોયું તપાસી
સત્સંગનું જામિયું મૂળ
જ્યારે આવ્યું એ ધર્મનું કુળ

શ્રીહરિના શ્રીમુખેથી સરેલાં આ શબ્દો છે. ષષ્ઠિ પૂર્તિ મહોત્સવમાં તન, મન કે ધન થી કરેલી, એક નાની એવી સેવા પણ આપણા હૃદયમાં સત્સંગ મૂળને અતિ દૃઢપણે પ્રસ્થાપિત કરીને શ્રીહરિનાં સર્વોપરિ સ્વરૂપની અનાયાસે ઝાંખી કરાવશે. કેમ કે આ મહોત્સવનું થીમ (Theme) એટલે કે હેતુ એ આચાર્યપદની ગરિમાને ચાર ચાંદ લગાવવાનો છે.

યાદ રહે કે આ કોઈ વ્યક્તિ પૂજા કે વ્યક્તિના બહુમાનનો પ્રસંગ નથી. અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિએ જે ગાદી સ્થાપી છે તે જ દિવ્યગાદીના પ્રવર્તમાન એવા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠિ પૂર્તિ મહોત્સવનું આ આયોજન છે. આ તો "વ્યક્તિ સવિશેષ" છે.

"શ્રી પુર શોભતું પ્રથમ કરીને ગામ
પોતે વળી પધરાવિયા
શ્રીનરનારાયણ નામ."

શ્રીપુર એવા અમદાવાદને આંગણે વિરાજતાં શ્રી નરનારાયણદેવ નો મહિમા તો આપણે શું વર્ણવી શકીએ ? એ યુગ્મ મૂર્તિઓ જ માત્ર નથી. પરંતુ સ્વયં શ્રીહરિનું સાક્ષાત્ "યુગ્મરૂપ" છે. અરે! એ યુગ્મમૂર્તિના મંદમંદ હાસ્યને ધ્યાનથી નિહાળજો. અનંતકોટિ બ્રહ્માંડોમાં આવું મંદહાસ્ય એક શ્રીહરિ અને એક આ શ્રી નરનારાયણદેવ એ બેમાં જ જોવા મળશે !

હવે આવા મહાપ્રતાપી દેવના પ્રાંગણ એવા અમદાવાદને આંગણે જ્યારે આવો સુંદર મહોત્સવ યોજાતો હોય ત્યારે માત્ર દૂર ઊભા રહીને કોરા રહી જઈશુ ? બિલકુલ નહીં.

શ્રીજી મહારાજ પણ હોળી હોય ત્યારે ફૂલ દોલોત્સવ, દીવાળી હોય ત્યારે અન્નકૂટોત્સવ ઉજવતા. દેશો દેશમાં આમંત્રણ પાઠવીને બાઈ, ભાઈ સાધુ બ્રહ્મચારી સત્સંગી એમ સર્વે ને ભેળા કરતા. સત્સંગિજીવનમાં આવા દિવ્ય ઉત્સવોનું અતિ સુંદર વર્ણન આવે છે. જે ગામમાં ઉત્સવ હોય તે ગામ પ્રતિ ચારેય બાજુથી એવો માનવ મહેરામણ ઉમટી પડે જાણે કે નદીઓનો પ્રવાહ ચારેય બાજુથી સમુદ્રમાં ઠલવાતો ના હોય તેમ માનવોનો પ્રવાહ ઠલવાતો.

આવો, આપણે પણ ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના મેદાનમાં ઠલવાતા શ્રધ્ધાળુ હરિભક્તોના દર્શન કરીએ. ગામે ગામ શહેરે શહેર અને દેશ વિદેશથી બધા આવશે. મહોત્સવનું પ્રાંગણ વિવિધ પ્રકારનાં લોકોથી ઊભરાશે. એમાં ગામડેથી આવેલો અદનો હરિભકત પણ હશે અને વિદેશથી આવેલ સત્સંગીઓ પણ હશે. પ્રત્યેકના અંગ જુદાં હશે પણ આવવાનો હેતુ એક જ હશે - એ ક્યો ? તો આપણા ગરવાં આચાર્ય મહારાજશ્રી અને શ્રી નરનારાયણ દેવ દેશ ગાદીની ગરિમા આ બંન્નેની શોભાના દર્શન કરવાનો, અને અંતરમાં ઉતારવાનો અને આપણા જ આપ્તજનો એવા સત્સંગી બંધુઓને અરસ પરસ મળવાનો.

જીવનમાં જેમ છત્રછાયાનું મહત્વ છે તેમ જ સત્સંગમા પણ છત્રછાયાનું એવું જ મહત્વ છે. નાનપણથી જ મા-બાપની છત્રછાયા છીનવાઈ ગઈ હોય તેવા યતીમ બાળકો અને માતા પિતાની છત્રછાયામાં સંસ્કારથી ઉછરેલા બાળકો એ બંન્નેના જીવન ઘડતરમાં કેટલો તફાવત હોય છે !

અનંતકોટિ બ્રહ્માંડોના અધિપતિ શ્રીહરિ, શ્રી સ્વામિનારાયણ ભગવાન આપણા ઈષ્ટદેવ પિતા છે. અને એમણે જ સ્થાપેલી ગાદી અને એ ગાદી ઉપર બિરાજમાન પૂ. આચાર્ય મહારાજશ્રી એ આપણી છત્ર છાયા છે. ધર્મમર્યાદામાં રહીને આ છત્રછાયાની આમન્યા અને આજ્ઞામાં વર્તવું એ સંસ્કારી અને વિવેકી સત્સંગી તરીકે આપણા સૌની ફરજ છે.

આગામી મહોત્સવ સમક ને એવું સુરીલું બનાવીએ કે એમાં જો કોઈ


(અનુસંધાન ૨૪માં પાને)

સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

અરધી રાતે અભિમાન ગયું

– શાસ્ત્રી હરિસ્વામી (ગાંધીનગર)



આ કામ મેં કર્યું. હું ન હોત તો પેલું કામ થાત જ નહીં. આ બધુ જે કાંઇ ચાલે છે તે મારા લીધે જ ચાલે છે. હું આ કુંટુંબનો વડીલ છું. હું કમાઉં છું તો આ બધાં છોકરાં સુખી છે. જો હું ન હોઉ તો આ છોકરાં, ઘરવાળી બધા ભૂખ્યા મરી જાય.

ઘણા લોકોના મોઢે આવાં અહંકાર ભરેલા શબ્દો આપણને સાંભળવા મળતા હોય છે. પરંતુ કોઇ પણ કાર્ય માટેનો અહંકાર કરવો એ નરી અજ્ઞાનના છે. કારણ કે વિશ્વંભર ભગવાન જ સંસારના તમામ ચક્રોને એકધારા ચલાવે છે. પણ જેનામાં આવું જ્ઞાન નથી તેવા માણસો આ વાતને સમજી શકતા નથી.

કોઇ એક ગામ હતું. ગામની ભાગોળે એક મહાત્માજી રહેતા હતા. તેઓ એક વડ નીચે બેસતા અને જે કોઇ મુમુક્ષુઓ આવે તેમને બેસાડીને સારી ઉપદેશની વાતો કરતા હતા. એક દિવસે એંક માણસે પ્રશ્ન પૂછયો છે જો બધું ભગવાન જ કરી આપતા હોય તો એની ખાત્રી શું ? મારે ઘરે પત્નીને પાંચ પુત્ર છે અને કમાઈને તેમનું ભરણપોષણ કરનાર હું એકલો જ છું. અમારે કોઇ જમીન-મિલ્કત જેવું કશુ નથી. મહિને પગાર આવે છે તેમાંથી માંડ માંડ પુરૂ થાય છે. જો અત્યારે મને કાંઇક થઈ જાય તો એ બધાનું શું થાય ? ભગવાન કાંઇ થોડું એ બધાનું પુરૂ કરી જવાનો છે.

ત્યારે પેલા મહાત્માજીએ કહ્યુ કે તમારી વાત સાચી છે. ભગવાન કાંઇ પોટલું ઉપાડીને મુકવા આવતા નથી પણ ગમે તે રીતે એવી વ્યવસ્થા કરાવી આપે છે કે જેથી કાંઇ વાંધો ન આવે. પણ પેલાને આ વાત જલ્દી ઉતરતી નથી. ત્યારે મહાત્માજીએ કહ્યું કે તમને વાત સમજાતી ન હોય તો અમારી સાથે યાત્રાએ ચાલો. અને ખાત્રી કરો કે તમારૂ ઘર ચાલે છે કે નહિ ? તેમના મનમાં ખાત્રી થઈ જાય. તેથી તેમણે આ વાત કબુલી. ઘેર જઈને પત્નીને વાત કરી. પત્નીએ પણ સાધુ સાથે જવાનો અનેરો અવસર જાણીને ભાતું બનાવી આપ્યુ અને વહેલી સવારે આ ભાઇ તો મહાત્માજી સાથે યાત્રાએ ઉપડી ગયા. દિવસો ઉપર દિવસો વિતવા લાગ્યા. દરરોજ નવા નવા ગામ, નવા નવા લોકો, નવા નવા મંદિરો જોવા મળે, દેવદર્શન કરવા મલે એટલે આ ભાઇને તો મજા પડી ગઈ. આમને આમ પાંચ મહિના વીતી ગયા.

આ બાજુ ગામમાં આ ભાઈની પત્ની કપડાં-વાસણ, અનાજ વગેરે મજુરી કરીને પાંચ બાળકોનું પોષણ કરતી હતી. ત્યાં એક દિવસ વ્રજપાત જેવા સમાચાર લઈને એક અજાણ્યો માણસ આવ્યો. આ માણસને પેલા

મહાત્માએ જ મોકલ્યો હતો. એ માણસે આવીને એવા સમાચાર આપ્યા કે "તમારા પતિ યાત્રામાં સાજા, સુખરૂપ ફરતા હતા પરંતુ કોઈ એવું કાળ ચોઘડીયું કામ કરી ગયું તે કૂવા ઉપર નહાતા નહાતા પગ લપસી ગયો અને સ્વર્ગવાસી થયા છે. ભગવાન તમારી સંભાળ રાખશે માટે દુઃખી ન થશો.

જેવા આ સમાચાર સાંભળ્યા કે આ સ્ત્રીએ તો સીધી પછડાટ ખાતાની સાથે રડારોડ કરી નાંખી. માને રડતી જોઈને તેના પાંચે પાંચ છોકરાઓ પણ રડવા લાગ્યા. સહુ આડોશી-પાડોશી, ગામના સજ્જન માણસો ભેળા થઈ ગયા. બધાએ સદ્‌ગતની "કાણ" કાઢી. પછી એ બાઈને ચૂડાકર્મ કરાવ્યુ. પછી બધા માણસોએ સહકારની ભાવનાથી કોઈએ વસ્ત્ર આપ્યા, કોઈએ વસ્તુ આપી, કોઈ સજ્જને છોકરાઓને ભણાવવાની જવાબદારી ઉઠાવી, કોઈ સુખી જમીનદારે આ નિરાધાર કુંટુંબને થોડી જમીન બક્ષીસ આપી.

એકાદ-બે મહિનામાં તો પતિના મૃત્યુનું દુઃખ વિસરાઈ ગયું. બે છોકરાં સારા વસ્ત્રો પહેરીને નિશાળે ભણવા જવા લાગ્યા. મોટા ત્રણ છોકરા ખેતરે કામે જવા લાગ્યા અને ધીમે ધીમે કરતા પહેલાં કરતા પણ સરસ રીતે ઘર ચાલવા લાગ્યું. સમય જતા વાર લાગતી નથી. બે વર્ષ આ રીતે પસાર થઈ ગયા.

એક દિવસ સંધ્યા સમયે બધા જમી પરવારીને ઓસરીમાં બેઠાં બેઠાં વાતો કરતા હતા. ત્યાં કોઈ એક અજાણ્યો માણસ આવ્યો. એ માણસને પણ પેલા મહાત્માએ જ મોકલ્યો હતો. એ માણસે આવીને સમાચાર આપ્યા કે - "તમારા પતિદેવ કે જેનું મૃત્યુ થઈ ગયુ છે પણ તમારામાં વાસના આશક્તિ રહી હોવાથી મરીને ભયંકર ભૂત થયા છે. એમના કલ્યાણ માટે મહાત્માજીએ ઘણા તપ કર્યા પણ એ આ ભૂતયોની માંથી છૂટ્યા નથી અને આજે રાત્રે ૧૨-૦૦ વાગ્યે તમારે ઘેર આવશે તો સાવચેતીના પગલાં લઈ રાખજો." આટલું કહીને પેલો માણલ તો ચાલતો થઈ ગયો. પછી મા-દીકરા બધા વાતો કરવા માંડ્યાં કે મૂવો ભૂત થાય એવો જ હતો. હવે કાલે સવાર પડતા જ આપણા ગોર ને બોલાવીને શીશામાં ઉતારી દઈએ એટલે કોઈ માથાકૂટ ન થાય. પણ અત્યારે શું કરી શકીએ ? પછી બધાએ નક્કી કર્યુ કે આજે દેખાય તો તેને મારવા જ માંડવો અને બધા હથિયાર સાથે આ ભૂતનો સામનો કરવા તૈયાર થઈને બેઠા.

યાત્રામાં સાથે આવેલા આ માણસને બરાબરનો પાઠ ભણાવવા પેલા મહાત્માજીએ જ આ બધો યુક્તિ પ્રપંચ તેનાથી તદ્‌ન છાના માના ગોઠવ્યો હતો. આથી સહુ યાત્રા કરીને પાછા ફર્યા. અને પેલા માણસને મહાત્માજીએ કહ્યું તું આજે રાત્રે ૧૨-૦૦ વાગ્યે જ જજે એટલે તને ઘરની સાચી સ્થિતિની ખબર પડશે.

મહાત્માજીના કહ્યાં મુજબ બરાબર ૧૨-૦૦ વાગ્યે આ માણસ તેના ઘરે પહોંચ્યો અને જ્યાં આ દરવાજા પાસે દેખાયો કે તરત જ તેની પત્નીએ તો શરૂ કર્યુ અરે ! મુઆ, પીટયા, નીચ અધમ આત્મા ! તીર્થમાં ગયો તોય તારી સદ્‌ગતિ ન થઈ. તારા મર્યા પછી તો આ છોકરાં સુખી થયા. અભાગીયા પાછો વળ, જો અહીંયા પગ મુકીશ તો તારા ભુક્કાં બોલાવી દઈશું. આ બધી બીનાથી તો તે એકદમ આભો જ બની ગયો. હવે અર્ધરાત્રીનો સમય શું કરવું ! એ તો ત્યાંથી પાછો જ વળી ગયો અને સીધો મહાત્માજી પાસે પહોંચી ગયો. મહાત્માજી પાસે જઈને જે બન્યું તે કહી સંભળાવ્યુ.

ત્યારે મહાત્માજી કહે કે - તું એમ કહેતો હતો કે મારા વગર ઘર કેમ ચાલશે ? તો જો ભગવાન કેવું સરસ ઘર ચલાવે છે. ભગવાને તારી કોઈ ખોટ પડવા નથી દીધી. માટે આવા ખોટા ખ્યાલોનો ત્યાગ કરીને સાચો માર્ગ અપનાવ.

મિત્રો ! આપણે પણ આ વાત ઉપરથી એમ શીખવાનું કે - આ બધું ભગવાનનું કર્યુ થાય છે. આપણે તો એક નિમિત્ત માત્ર છીએ. માટે કોઈ સારા કામ આપણા હાથે થયા હોય તો તેનું અભિમાન રાખ્યા વગર સાચા ભાવથી ભગવાન ભજી લેવા. તો આ જીવનું રૂડું થાય.

"આ પણ પસાર થઇ જશે"

- ઠ. જી. સ્વામી (ગાંધીનગર)

અશોક નગરના રાજા સોમેશ્વરે પંડિતોની સભા બોલાવી છે. બધા પંડિતો સન્માનપૂર્વક પોતપોતાનું સ્થાન ગ્રહણ કરીને બેઠા છે.કોઈ વેદ વેદાંતના જાણકાર છે, કોઈ પંડિત ઉપનિષદો અને

પુરાણોનાં જ્ઞાતા છે. તો કોઈ જ્યોતિષ અને ખગોળ વિદ્યામાં પારંગત છે, કોઈ ચોસઠકળા અને અશ્વ વિદ્યાના જાણકાર છે. કોઈ પંડિત ભૂત, ભવિષ્ય અને વર્તમાન જાણે છે, કોઈ વ્યકરણાચાર્ય છે. તો કોઈ પંડિત કર્મકાંડમાં નિષ્ણાંત છે. પંડિતોનું યથા યોગ્ય સન્માન કરીને રાજા સોમેશ્વરે હાથ જોડીને પૂછ્યુ હે માનનીય પંડિત વર્યો ! ઘણા સમયથી એક પ્રશ્ન મુંઝવી રહ્યો છે. જે આપ સૌને પુછુ છું. સુખ અને દુઃખમાં, હાર અને જીતમાં હમેંશા પ્રેરણા આપે માર્ગદર્શન આપે એવું સૂત્ર ક્યુ છે ? પ્રશ્ન સાંભળીને વિદ્વાન પંડિતો માથું ખંજવાળવા માંડ્યા. એનો જવાબ શોધવા પંડિતોએ ઘણી મથામણ કરી. મગજ સક્રિય કર્યુ. પોતાનું જ્ઞાન ફંફોળી જોયું પણ કાંઈ મેળ પડ્યો નહિ. પ્રશ્નનો જવાબ મળ્યો નહિ. આખરે એક પંડિતે કહ્યું, નદી કિનારે એક પરમ જ્ઞાની અને પરમ ભક્ત સંત રહે છે તેને આ પ્રશ્ન પૂછીએ તો જરૂર એનો જવાબ મળી રહેશે. રાજા કહે, ચાલો સંત પાસે જઈએ.

પંડિતો સાથે રાજા નદી કિનારે સંતની પર્ણકુટીમાં આવ્યા. રાજા અને પંડિતોએ સંતને ભાવથી વંદન કર્યા અને પેલો પ્રશ્ન પૂછ્યો. સંતે કોઈ જવાબ ન આપ્યો. પરંતુ માત્ર એક વીંટી આપીને કહ્યું આ વીંટી કાયમ પહેરી રાખજો. જ્યારે જીવનમાં અંધકાર છવાઈ જાય, જીવનની ભવાટવીમાં ભૂલા પડી જવાય, કોઈ ઉપાય ન સૂજે, ત્યારે વીંટીમાં જડેલા નંગ નીચેથી એક નાનો કાગળ કાઢીને વાંચો લેજો. એમાં લખેલું સૂત્ર તમને પ્રેરણા આપશે. રાજાએ ખુશ થઈને વીંટી પહેરી લીંધી અને પ્રણામ કરી વિદાય લીધી.

એક સમયે પાડોશી રાજાએ અશોક નગર ઉપર ચડાઈ કરી. પાડોશી રાજાના બળ આગળ સોમેશ્વર હાર્યો અને બચવા માટે ભાગ્યો. સાથે થોડા અંગરક્ષકો હતા. તેને લઈને જંગલમાં ચાલ્યો ગયો. આગળ જતા અંગ રક્ષકો પણ આડા અવળા ભૂલા પડી ગયા. અને રાજા એકલો જ ઘોડા પર બેસીને ગીચ જંગલમાં આવો પહોંચ્યો અને જંગલમાં છુપાયો. તેને પકડવા દુશ્મન દેશના ઘોડેસ્વારો જંગલ ખૂંદી વળ્યા. ઘોડાઓના ડાબલાનો અવાજ સંભળાય પણ રાજા કોઈની નજર ન પહોંચે એવી જગ્યાએ સંતાયેલો. થોડીવારમાં ઘોડા ચાલ્યા ગયા.

રાજા શૂન્યમનસ્ક થઈ ગયો હતો ! હાય ! કેવી જાહોજલાલી ! કેટલો વૈભવ ! કેવાં સ્વાદિષ્ટ ભોજન ! કેવા નોકર-ચાકર ! અને કેવું સુખ હું ભોગવતો હતો ! અને આજે કેટલું કષ્ટમય જીવન ગુજારું છું ! હે ભગવાન આ દયનીય સ્થિતિમાંથી છોડાવજો. એવામાં રાજાની નજર વીંટી પર પડી. મુશ્કેલીમાં સાધુના શબ્દો યાદ આવતા વીંટીમાંથી નાની ચીઠ્ઠી કાઢી અને તેમાં લખેલું સૂત્ર વાંચ્યુ - **"આ પણ પસાર થઈ જશે."** સૂત્ર વાંચતા રાજા હળવો બની ગયો. આ દુનિયામાં કોઈ પણ વસ્તુ શાશ્વત નથી. અત્યારની આ દુઃખમય સ્થિતિ જરૂર પસાર થઈ જ જશે. સૂત્ર વાંચતા રાજાની બેચેની ચાલી ગઈ. એવામાં ભૂલા પડેલા સાથીદારોનો ભેટો થઈ ગયો. સૌમાં નવી આશા જાગી. બધા ફરીથી સંગઠીત બન્યા. શક્તિશાળી બન્યા અને દુશ્મન ઉપર હુમલો કર્યો. ફરીથી રાજ્ય પ્રાપ્ત થયું અને સોમેશ્વર સિંહાસન પર આરુઢ થયો. ત્યારે રાજાને ફરીથી પેલા સંતનું સૂત્ર યાદ આવ્યું - **"આ પણ પસાર થઇ જશે."**

વહાલા બાળકો ! આ સંસાર સુખ-દુઃખ અને હારજીતની પ્રયોગશાળા છે. એમાં ઈશ્વર ઇચ્છાથી અનેક સંકટોની સાથે સાથે ઈશ્વરે માનવને સુખની પણ ભેટ ધરી છે. પરંતુ સુખમાં છકી જાય અને દુઃખમાં કરમાઈ જાય એ માણસ કહેવાય. સુખ અને દુઃખમાં, હાર અને જીતમાં નફો અને નુકશાનમાં સમતા જાળવે, ધૈર્ય રાખે એ સંતપુરુષ છે. **"આ પણ પસાર થઇ જશે"** એ સૂત્ર માણસને દુઃખમાંથી બચાવી લે છે. અને સુખના નવા દ્વાર ખોલી આપે છે.

(૨૧માં પાનાનું ચાલુ)

વિમુખ જીવ આવે અને એને એની ઝાંખી થઈ જાય તોય એનું કલ્યાણ થાય.

બસ " શ્રધ્ધાએ સહિતઅને ઈર્ષાએ રહિત" બનીને આવીએ, મહોત્સવમાં મહાલીયે અને મહોત્સવને મન મૂકી ને માણીએ.

છેવટે તો આપણા મનના માણિગર એવા શ્રીહરિને રાજી કરવાનો જ આ ઉત્સવ છે.

મોટા દેવને મોટા મંદિર આચાર્ય અમારા મોટા રે, હથેળીમા પણ ચાંદ બતાવે તોય અન્ય પ્રહરી ખોટા રે.

આપણા પૂ. મહારાજશ્રી જે ગાદી ઉપર બિરાજમાન છે એ ગાદીની મહત્તા અને ગરિમાને આવકારવાનો આ ઉત્સવ છે. મન મૂકીને એમાં ભીંજવાઈ જઈએ. જો જો અંતર કોરું ના રહી જાય ! ને તો જ મહોત્સવના મહિમાનું ગાન અંતરમાં આપો આપ ગૂંજી ઊઠશે.

સત્સંગ સમાચાર

શ્રી નરનારાયણ દેવનો ૧૮૨ મો પાટોત્સવ ધામધુમથી ઉજવાયો

સર્વોપરિ સંપ્રદાયમાં સર્વોપરિશ્રી સ્વામિનારાયણ ભગવાને અમદાવાદમાં સૌ પ્રથમ સંપ્રદાયનું ભવ્યગગન ચુંબી મંદિર નિર્માણ કરાવીને સ્વ-સ્વરૂપ શ્રી નરનારાયણદેવને બાથમાં લઈને સ્વ આશ્રિતો ના સદાય કલ્યાણ અને મોક્ષને માટે પધરાવ્યા. આ ભવ્યાતિ ભવ્ય ઈતિહાસને ૧૮૨ વર્ષ થઈ ગયા ! ફાગણ સુદ ૩ તા. ૨૩-૨-૦૪ ના પાટોત્સવના શુભ દિવસે શ્રીનરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્ર પ્રસાદજી મહારાજશ્રી, ભાવિ આચાર્યશ્રી પ.પૂ. લાલજી ૧૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. બાળ લાલજી શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ અભિષેક વેદ વિધિસર રીતે ધામધુમથી સંપન્ન થયો. બન્ને પીઠ સ્થાનના આચાર્યો દ્વારા આવા ભવ્ય મહાભિષેકના દર્શન એ એક ઐતિહાસિક પ્રસંગ ગણાય. બન્ને દેશના સંત હરિભક્તોની દર્શનની ભીડ અકલ્પનીય હતી. જેમણે દર્શન કર્યા તેના ભાગ્યની કોઈ સીમા ન હતી. અને જેઓ દર્શન ન કરી શક્યા તેને કાયમનો વસવસો રહી ગયો. પ્રાસંગિક સભામાં ગુજરાતના ગર્વનરશ્રી કૈલાશ પતિ મિશ્ર આપણા મંદિરના આમંત્રણથી ખાસ પધાર્યા હતા. પૂજ્ય મહંત શા. સ્વામી નિર્ગુણ દાસજીએ સભા સંચાલન કરતા હિન્દી ભાષામાં શ્રી નરનારાયણદેવનો મહિમા અને બન્ને ગાદીના આચાર્ય મહારાજશ્રીનું માહાત્મ્ય સુંદર રીતે વર્ણવ્યુ હતું. ત્યાર બાદ જેતલપુર મહંત પૂજ્ય શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશ દાસજીએ પણ સુંદર ઉદ્બોધન કરી આગામી ષષ્ઠિ પૂર્તિ મહોત્સવની રૂપરેખા અને શ્રી નરનારાયણ દેવનું માહાત્મ્ય કહ્યું હતું. અને વડતાલ મંદિર ટેમ્પલ બોર્ડના ચેરમેન નૌતમ સ્વામીએ પણ સુંદર ઉદ્બોધન કર્યું હતું. વડતાલ દેશના પ.પૂ.આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજે સર્વોપરિ શ્રી નરનારાયણદેવનો મહિમા માહાત્મ્ય સભામાં પોતાની સુંદર ભાષામાં કહ્યો હતો. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી એ સમસ્ત સભાને પોતાના અલૌકિક દિવ્ય અમૃત વાણી રૂપ આર્શીવાદ પાઠવીને સર્વોપરિ શ્રી નરનારાયણ દેવનું ખૂબ જ અલૌકિક માહાત્મ્ય કહ્યું હતુ. આજના પાટોત્સવના યજમાન પ.ભ. રમેશભાઈ રણછોડલાલ મારફતીયા (જોરણંગવાળા) પરિવાર રહ્યા હતા. અન્નકુટ આદિ સેવામાં મૂળીના પૂ. સ.ગુ.સ્વામી શ્રી ઉત્તમપ્રિયદાસજીએ સુંદર સેવા કરી હતી. *(કો.બ્રહ્મવિહારી સ્વામી)*

એપ્રોચ (બાપુનગર) મંદિર

પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા એપ્રોચ મંદિરના પૂ. લક્ષ્મણજીવનદાસજી સ્વામીની પ્રેરણાથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આગામી ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને હરિભક્તોએ પોષ સુદ ૧૫ થી મહા સુદ-૧૫ માઘ સ્નાન કરી તેની પૂર્ણાહુતિ કરી હતી. *(પ્રતિ. ગોરધનભાઈ વી.*

પંઢરપુર (તા.કડી)

અત્રે પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં તા. ૧૭-૧-૦૪ થી તા. ૬-૨-૦૪ પર્યન્ત રોજ બે કલાક સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરી કુલ ૬૦ કલાકની ધૂન કરી હતી. આ પ્રસંગે જયદેવપુરા ગુરુકુલથી સ.ગુ. સ્વામી શ્રી સ્વયંપ્રકાશદાસજી ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. *(કોઠારી લાલજીભાઈ*

મોટેરામાં શાકોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર મોટેરા (જી. ગાંધીનગર) માં ભવ્ય શાકોત્સવ અને સત્સંગ સભા તા. ૮-૨-૦૪ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજવામાં આવી હતી.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સ્વયં શ્રીહરિની જેમ શાકનો દિવ્ય વઘાર કરી સર્વે ભક્તોને અલૌકિક લીલાના દર્શન કરાવ્યા હતા. અને સભામાં પોતાની દિવ્ય અમૃતવાણી રૂપ રૂડા આશીર્વાદ આપ્યા હતા. શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, સ્વા. દેવપ્રકાશદાસજી (સ્કીમ કમિટિ સભ્ય) તથા પૂ. નાના પી.પી. સ્વામી (કોટેશ્વર ગુરુકુલ)ની પ્રેરણા તથા શ્રી નરનારાયણ દેવ યુવક મંડળના સુંદર સહયોગથી આગામી મહોત્સવમાં સારો એવો ફાળો હરિભક્તો તરફથી થયો હતો. જે અત્રેના નવા સત્સંગ માટે ખૂબ ગૌરવની બાબત છે.

માણસા મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી માણસા મંદિરના મહંત ભંડારી સ્વામી રામચરણદાસજી તથા શા. સ્વા. નારાયણવલ્લભદાસજીની પ્રેરણાથી માણસા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને સંચાલકથી ઈશ્વરભાઈ ત્રિભોવનદાસ પટેલ ના સુંદર સહયોગથી તા.૧૧-૧-૦૪ના રોજ શાકોત્સવનું આયોજન કરેલ. પ.પૂ. લાલજી મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે શાકોત્સવ ધામધુમથી ઉજવાયો હતો. માણસાની આજુબાજુના ઘણા જ ગામોના હરિભક્તો લાભ લેવા પધાર્યા હતા. ષષ્ટિ પૂર્તિ મહોત્સવમાં અત્રેના હરિભક્તો તરફથી સારી સેવા નોંધાઈ હતી.

બાપુપુરા (માણસા) મંદિર

અત્રે પ.પૂ. લાલજી મહારાજશ્રીના આર્શીવાદ અને પ્રેરણાથી ગામના યુવા વર્ગમાં સત્સંગની રૂચિ ખૂબ જ વધી છે. જેથી કરીને અનેક યુવાનોએ વ્યસનને તિલાંજલી આપીને બન્ને સમય મંદિર આવવાનું નિયમ લીધુ છે. અને આજુબાજુના ગામોમાં શ્રીનરનારાયણદેવ યુવક મંડળના સભ્યો સત્સંગ સભાઓનું આયોજન કરે છે. ધનુર્માસમાં પ્રભાતફેરી અને ધૂનનુ આયોજન કર્યું હતું. બાપુપુરાથી માણસા મંદિર પદયાત્રા કરી હતી. બાપુપુરાના ચૌધરી કાંતિભાઈ (પંડિત) સત્સંગ પ્રવૃત્તિ ખૂબ જ

સુંદર કરી રહ્યા છે.

વહેલાલ મંદિર

પ.પૂ. ભાવિ આચાર્ય લાલજી મહારાજશ્રીના આશીર્વાદ આજ્ઞાથી અત્રેના સ.ગુ. ચૈતન્યમુનિદાસજી સ્વામીની પ્રેરણાથી મંદિરમાં તા.૧૭-૨-૦૪ ના કાલુપુર શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા કીર્તન ભક્તિનો કાર્યક્રમ કરેલ.

ભાઈઓ અને બહેનોએ ૬૦૦ જેટલી શ્રી સ્વામિનારાયણ મહામંત્રની નોટબુક પુરી કરી હતી. તેમજ ૬૦ કલાકની ધૂનનું આયોજન કર્યું હતું.

ઈશ્વરપુરા ગામે પૂજ્ય લાલજી મહારાજશ્રીની પધરામણી

મહાસુદ ૧૧ ના શુભ દિને ભક્તોના ભાવને પૂર્ણ કરવા પૂજ્ય લાલજી મહારાજશ્રી ઈશ્વરપુરા પધાર્યા હતા. ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી એ હરિભક્તોના ઘર પોતાના દિવ્ય ચરણોથી પાવન કરી સૌને અતિ રાજી કર્યા હતા.

ત્યાર બાદ સાંજે ભવ્ય સત્સંગ સભાનું આયોજન પણ કરવામાં આવ્યુ હતુ. ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં શા. સ્વા. હરિકૃષ્ણદાસજી (છપૈયા માજી મહંતશ્રી) સ્વામી દેવપ્રકાશદાસજી (સ્કીમ કમિટિ સભ્યશ્રી) અને સ્વામી સૂર્યપ્રકાશદાસજીની પ્રેરણાથી ગામ સમસ્ત તરફથી સારી સેવા કરવામાં આવી હતી.

ત્યાંથી પૂજ્ય લાલજી મહારાજશ્રી વરસોડા અને બદપુરા ગામે પધારીને મંદિરમાં ઠાકોરજીની આરતી ઊતારી હતી. નાના પી.પી. સ્વામીએ સુંદર માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતુ. એક જ દિવસમાં બબ્બે વખત પૂજ્ય લાલજી મહારાજશ્રીના દર્શન કરી ભક્તજનો કૃતકૃત્ય થયા હતા.

ગવાડા ગામે સત્સંગ સભા

શ્રીજી મહારાજના પ્રસાદીના શ્રી સ્વામિનારાયણ મંદિર ગવાડાના ૨૪માં વાર્ષિક પાટોત્સવ અને ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં શાકોત્સવ તથા રાત્રી સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ૬૦ કલાકની ધૂન પણ કરવામાં આવી હતી.

પ્રાસંગિક સભામાં નાના પી.પી. સ્વામી (કોટેશ્વર), શા. સ્વા. હરિકૃષ્ણદાસજી, સ્વામી દેવપ્રકાશદાસજી આદિ સંત મંડળે કથા વાર્તાનો સુંદર લાભ આપ્યો હતો.

આનંદપુરા ગામે જ્ઞાનયજ્ઞ

આનંદપુરા ગામે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં અ.નિ. પ.ભ. ગોપાળદાસ મોહનદાસ પટેલ પરિવાર તરફથી શ્રીમદ્ સત્સંગિ ભૂષણ પંચાન્હ પારાયણનું સુંદર આયોજન કરવામાં આવ્યુ હતું. પ્રથમ દિવસે જ પ.પૂ.લાલજી મહારાજશ્રી એ પધારી દિવ્ય દર્શન આશીર્વાદનો લાભ આપી સૌને ખૂબ જ રાજી કર્યા હતા. શા. સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર) એ સુંદર મધુર કંઠે કથાનો લાભ આપ્યો હતો.

શા. સ્વા. હરિકૃષ્ણદાસજી, સ્વા. દેવપ્રકાશદાસજી આદિ સંતોની પ્રેરણાથી ગામના હરિભક્તોએ ષષ્ઠિ પૂર્તિ મહોત્સવમાં સારી સેવા નોધાંવી હતી. નાના પી.પી. સ્વામી નું માર્ગ દર્શન સુંદર રહ્યું હતુ.

મુબારકપુરામાં શાકોત્સવ

ગાંધીનગર પાસેના મુબારકપુરા નાનું ગામ છે. સત્સંગ પણ જયારથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠિ પૂર્તિ મહોત્સવની જાહેરાત થઈ ત્યારથી બધા જ ભક્તોના મનમાં પૂ.લાલજી મહારાજશ્રીને પ્રથમ વખત ગામમાં પધારાવવાની ઈચ્છા હતી. અને તેમની ઈચ્છાને માન આપી પૂજ્ય લાલજી મહારાજશ્રીએ અનેક કાર્યક્રમોમાં વ્યસ્ત હોવા છતાં સામેથી તારીખ આપીને શાકોત્સવ નિમિત્તે અત્રે પધાર્યા. સ્વયં શાક વઘારીને પ્રસંગને અતિ દિવ્ય અને ભવ્ય બનાવ્યો. હરિભક્તો પણ આનંદમાં ગરકાવ જઈ ગયા. સમગ્ર આયોજનમાં નાના પી.પી.સ્વામી (કોટેશ્વર) સ્વામી દેવપ્રકાશદાસજી, શાસ્ત્રી સ્વા. હરિકૃષ્ણદાસજી, સ્વા શાંતિપ્રકાશદાસજી, સ્વા. સૂર્યપ્રકાશ દાસજી અને જે.પી.સ્વામી આદિ સંતોએ સાથે મળીને કથા વાર્તા રૂપી સુંદર લાભ આપ્યો હતો. *(કોઠારીશ્રી)*

ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં ધોળકા મંદિરમાં સભા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના ઉપલક્ષમાં ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં સત્સંગ સભાનું આયોજન તા.૧૨-૨-૨૦૦૪ના રોજ સ.ગુ. મહંત સ્વામી જગતપ્રકાશદાસજીની પ્રેરણાથી કરવામાં આવ્યુ હતુ.

વિશાળ પ્રાસંગિક સભામાં સ.ગુ. શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (નારાયણઘાટ મહંત) એ સભા સંચાલન સુંદર રીતે સંભાળ્યુ હતું. સભામાં અમદાવાદ મંદિરના મહંત સ્વામી, જેતલપુરના મહંત સ્વામી આદિ વિદ્વાન સંતોએ ષષ્ઠિ પૂર્તિ મહોત્સવમાં સૌ હરિભક્તોને તન-મન-ધનથી સેવા કરવા હાકલ કરી હતી. ધોળકા મંદિરના મહંત સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજીએ ધોળકા અને તેનાં દેશના ગામોમાં ખૂબજ સારી સેવા થઈ તેની માહીતી આપી હતી. પ.પૂ. લાલજી મહારાજશ્રી ના હસ્તે આશીર્વાદ સહ સન્માન કરવામાં આવ્યું હતું. પ.પૂ. લાલજીમહારાજશ્રીના દર્શન કરી હરિભક્તો ખૂબ જ ભાવ વિભોર થઈ ગયા હતા. સ.ગુ. મહંત સ્વામી દેવપ્રસાદદાસજી (દિલ્હી) સ.ગુ. સ્વામી હરિસ્વરૂપદાસજી (મૂળી) અત્રેના મહંત સ્વામી વિષ્ણુપ્રસાદદાસજી અને ભરત ભગત આદિએ સુંદર સેવા કરીને સૌને રાજી કર્યા હતા. *(શ્રી નરનારાયણદેવ ગુરૂશ્રી નરનારાયણદેવના ૧૮૨ માં પાટોત્સવ પ્રસંગે નેત્ર રક્ષા નિદાન કેમ્પ યોજાયો*

શ્રી નરનારાયણદેવના ૧૮૨ માં વાર્ષિક પાટોત્સવના ઉપલક્ષમાં તા.૨૯-૨-૦૪ રવિવાર સવારે ૯ થી ૧૨ શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ ખાતે આંખોના રોગ તથા સારવારનો વિના મૂલ્યે કેમ્પ યોજયામાં આવેલ. પ. ભ. ડૉ. રમેશભાઈ પરીખના માર્ગદર્શન પ્રેરણાથી શહેરના નામાંકિત ડૉ. કુંદનબેન ગજજરે (વિઝકેર આંખની હોસ્પિટલ) ઝામર, મોતીયો, ત્રાંસી આંખ, વેલ, ફૂલુ તથા આંખના નંબરની ૨૧૪ જેટલા દર્દીની તપાસ કરી યોગ્ય સારવાર આપી હતી. ડાકોર દર્શને જતા પદયાત્રીઓ માટે શ્રી સ્વામિનારાયણ સંસ્કાર ધામ હાથીજણ તા.૨-૩-૦૪થી ૬-૩-૦૪ દરમ્યાન ડૉક્ટરો

ફરતી મેડીકલ વાનમાં વિના મૂલ્યે સુંદર સારવાર અમદાવાદના નામાંકિત ડોક્ટરોએ આપી હતી. (ડૉ. ભાવિન પરીખ)

નારણપુરા શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૧૦ મો પાટોત્સવ ઉજવાયો

શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરામાં બિરાજમાન સર્વોપરિ શ્રી ઘનશ્યામ મહારાજનો દશમ પાટોત્સવ મહાસુદ - ૧૦ ના રોજ મહંત શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજીની શુભ પ્રેરણાથી અ.નિ.પ.ભ. પ્રભુદાસ ઉમેદભાઈ પટેલ પરિવારના (કુબડથલ વાળા)ના પ.ભ. ચંદ્રકાન્તભાઈ, પ.ભ.રમેશભાઈ અને પ.ભ. ભૂપેન્દ્રભાઈના સહ પરિવાર તરફથી ધામધુમથી ઉજવાયેલ. સવારના ૬-૩૦ કલાકે વેદ વિધિસર રીતે પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રી ઘનશ્યામ મહારાજને કેસરાભિષેક ના દિવ્ય દર્શન હજારો હરિભક્તોએ કર્યા હતા.

યજમાન પરિવારે પૂજ્ય લાલજી મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરી આરતી ઉતારી હતી. ત્યાર બાદ પ્રાસંગિક સભામાં મહંત પૂ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી, પૂ.પી.પી. સ્વામી, મહંત શાસ્ત્રી ઘનશ્યામ સ્વામી અને મહંત શાસ્ત્રી પ્રેમસ્વરૂપદાસજી એ યજમાન પરિવારની અનેક સેવાને યાદ કરી તેમની આવી પ્રવૃત્તિને બિરદાવી હતી.

છેલ્લે પ.પૂ. લાલજી મહારાજશ્રી એ પણ યજમાન પરિવારના પ.ભ. પ્રભુદાસભાઈ ના ત્રણ પુત્રોને રૂડા આશીર્વાદ આપી તેમની ઊત્સવમાં નાણાં સમિતિની સેવાની પ્રશંસા કરી તેમને બિરદાવ્યા હતા. *(કનુભાઈ કાંકરિયા મંદિર બાલ સ્વરૂપ કષ્ટ ભંજન દેવનો ૧૬૫ મો પાટોત્સવ ઉજવાયો*

આદિ આચાર્ય પ.પૂ.ધ.ધુ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે સ્વયં પધરાવેલા પોતાના કુળદેવ બાળસ્વરૂપ કષ્ટભંજન દેવને આજથી ૧૬૫ વર્ષ પહેલા કાંકરિયામાં પધરાવેલા. જેનો ૧૬૫ મો પાટોત્સવ ફાગણ સુદ ૫ ની સવારે ૬-૩૦ કલાકે પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ધામધુમથી વેદ વિધિસર રીતે સંપન્ન થયેલ.

નરોડા શ્રી સ્વામિનારાયણ મંદિર

